श्रीमद् बुद्धिसागरसूरिग्रंथमाला ग्रंथांक ७९

चिन्तामणि.

रा.

रचयिता शास्त्रविशारद योगनिष्ठ जैनाचार्य

श्रीमद् बुद्धिसागरसूरिजी

छपावी प्रसिद्ध करनार

श्री अध्यात्मज्ञानप्रसारक मंडळ.

हा वकील मोहनलाल हिमचंद-पादरा.

द्वितीयावृत्ति प्रति १०००

वीर सं २४५० वि सं १९८०


ई स १९२४

किं ०-४-०.

આ પુસ્તક મળવાનું ઠેકાણું—

વકીલ મોહનલાલ હીમચંદ.

પાદરા.



વડોદરા—લુહાણામિત્ર' સ્ટીમ પ્રિ. પ્રેસમાં ઠક્કર
અંબાલાલ વિઠ્ઠલભાઇએ વકીલ મોહનલાલ હીમ-
ચંદને માટે છાપી પ્રસિદ્ધ કર્યું. તા. ૨૦—૧૦—૨૪

નિવેદન.

શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ તરફથી પ્રગટ થતી શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ ગ્રંથ માળાના ગ્રંથાંક ૭૯ તરીકે આ ચિન્તામણિ નામનો ગ્રંથ બહાર પાડતાં અમોને આનંદ થાય છે, આ ગ્રંથ સંવત ૧૯૬૨ ની, સાલમાં માણુંદ શ્રી જૈનોદયબુદ્ધિસાગરસમાજ તરફથી છપાયેલ હતો, તેની તમામ પ્રતો ખપી જવાથી અને જીજ્ઞાસુઓ તરફથી તેની માગણી ચાલુ હોવાથી આ બીજી આવૃત્તિ બહાર પાડવામાં આવેલ છે, જેનો સમાજ સારી રીતે લાભ લેશે એવી આશા છે

આ મંડળ પાસે સ્થાયી સારૂં ફંડ નહી હોવા છતાં પણ મંડળના અધિષ્ઠાતા પ્રાતઃ સ્મરણીય ગુરૂમહારાજ શ્રીમદ્ બુદ્ધિસાગર

સૂરિજી મહારાજની પૂર્ણકૃપાથી અને જ્ઞાન રૂચિ જૈનબંધુઓની ઉદાર સહાયથી મંડલ પોતાના ચાલુ નિયમ મુજબ ઉત્તમોત્તમ પુસ્તકો પ્રસિદ્ધ કરે જાય છે.મંડળના આ શુભ કાર્યમાં જેમ જેમ અધિક સહાય મળશે તેમ તેમ મંડળ પોતાનું કામ વધારે ઉત્સાહથી ચલાવશે. આ ગ્રંથનો બહોળા પ્રમાણમાં લાભ લઇ ભવ્યાત્માઓ પોતાનું આત્મશ્રેય સાધશે એવી આશા રાખવામાં આવે છે.

મુ. પાદરા.
આસો સુદિ ૫
સં. ૧૯૮૦


અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ.

વકીલ મોહનલાલ હિમચંદ.

ધન્યવાદ.

આ પુસ્તક છપાવવામા પેથાપુરવાસી સુશ્રાવક શેઠ ફકીરચંદ છનાલાલે રૂ. ૨૦૦) બસે રૂપૈયા આપ્યા છે. તેથી અધ્યાત્મજ્ઞાનપ્રસારકમંડળ તરફથી તેમને ધન્યવાદ આપવાની સાથે તેમનો આભાર માનવામાં આવે છે.

પ્રસ્તાવના.



ચિન્તામણિ પુસ્તક પ્રથમ વિ સ.૧૯૬૨ ની સાલમા માણુ દ જૈનોદય બુદ્ધિસાગર સમાજ (કે જે વિ સ ૧૯૬૦ મા સ્થપાઇ હતી તે) તરફથી છપાવી પ્રસિદ્ધ કર્યું હતુ અને તે પુસ્તક લોદરાના શેઠ જેચદભાઇ ખેમચદ જેઓ દયાળુ, સુશીલ, જૈન ધર્મારાધનમા અતિ ઉત્સાહી ગુણવાન્ હોઇ અમારા પરિચયમા આવી દેવગુરૂ ધર્મના પૂર્ણ શ્રદ્ધાળુ બનેલા હતા. તેમને પ્રથમાવૃત્તિમા આ પુસ્તક અર્પણ કરેલુ હતુ. તે પુસ્તકની તમામ નકલો ખપી જવાથી અને તેની ઘણા જીજ્ઞાસુઓ તરફથી માગણી થતી હોવાથી આટલા લાબા વખતે આ તેની દ્વિતીયાવૃત્તિ બહાર પાડવામા આવે છે.

આ પુસ્તક વિ. સંવત્ ૧૯૫૯ મા પાદરાના

સુશ્રાવક વકીલ શા. મોહનલાલ હિમચંદના પુત્ર રત્ન શા. મણિલાલ મોહનલાલના હિતાર્થે રચવામાં આવ્યું છે, અને તેમાં જૈન બાલકોને અનેક હિતશિક્ષાઓ આપવામાં આવેલી છે, અને તે સર્વે, જૈનોને ઘણી ઉપયોગી છે.ગુણાનુરાગ દૃષ્ટિથી તેમાંથી થોડી પણ ગ્રહણ કરવામાં આવે તો આત્માનો ઉદ્ધાર થઇ શકે તેમ છે. દરેક જૈન વિદ્યાર્થીએ આ પુસ્તક ખાસ વાંચવું જોઇએ કે જેથી તેઓને નૈતિક સદ્‌ગુણોની પ્રાપ્તિ થાય અને તેઓથી જૈન ધર્મનીશ્રદ્ધા પૂર્વક આત્મહિત સાધી શકાય.

પ્રથમાવૃત્તિ કરતાં આ દ્વિતીયાવૃત્તિમાં કેટલેક સ્થળે યોગ્ય સુધારો વધારો કરવામાં આવ્યો છે કે જે બન્નેનો મુકાબલો કરી વાંચવાથી જણાઇ આવશે.

અમારી સાધુ દીક્ષાની બાલ્યાવસ્થામાં આ ગ્રંથ ખાસ જૈન બાલકોના હિતાર્થે લખાયેલોછે,

જેથી હાલની દૃષ્ટિએ તેવા વિચારોમા કાઇ ન્યૂનતા લાગે એ સ્વાભાવિક છે તેથી વાચકોને દેશકાળ અવસ્થા વિગેરેનો વિચાર કરી વાચવા ભલામણ છે આ ગ્રથના પ્રુફ સુધારવામા પેથાપુર નિવાશી શા મોતીલાલ પાનાચદ તથા પરીખ રમણિકલાલ ડાહ્યાભાઇએ મારી સાથે રહી ઘણી મહેનત લીધી છે તે માટે તેમને ધન્યવાદ આપવામા આવે છે

આ ગ્રથમા કાઇ જીનાસા વિરૂદ્ધ લખાયુ હોય વા કાઇ ભૂલચૂક રહી ગઇ હોય તો તે માટે શ્રીસઘ આગળ માફી માગુ છુ અને વાચક સજ્જનો હસ દૃષ્ટિ ધારણ કરી જે કાઇ સારૂ લાગે તે ગ્રહણ કરશે એમ ઇચ્છુ છુ

લી. બુદ્ધિસાગરસૂરિ

વિ સ ૧૯૮૦ વિજયાદશમી, પેથાપુર

श्री अध्यात्मज्ञानप्रसारक मंडळ तरफथी श्रीमद् बुद्धिसागरसूरिजीग्रन्थमाळामां प्रगट थयेला ग्रन्थो.



* ९	परमात्मज्योति	५००	०-१२-०
*१०	तत्त्वबिंदु	२३०	०-४-०
११	गुणानुराग (आवृत्ति बीजी)	२४	०-१-०
*१२-१३	भजनसंग्रह भाग ५ मो तथा ज्ञानदीपिका.	१९०	०-६-०
*१४	तीर्थयात्रानु विमान(आ०बीजी)	६४	०-२-०
१५	अध्यात्मभजनसंग्रह	१९०	०-६-०
१६	गुरुबोध	१७४	०-४-०
*१७	तत्त्वज्ञानदीपिका	१२४	०-६-०
१८	गहूंलीसंग्रह भा. १	११२	०-३-०
*१९-२०	श्रावकधर्मस्वरूप भाग १-२(आवृत्ति त्रीजी)	४०-४	०-१-०
*२१	भजनपदसंग्रह भाग ६ हो.	२०८	०-१२-०
२२	वचनामृत.	८३०	०-१४-०

२३	योगदीपक.	३०८	०-१४-०
२४	जैन ऐतिहासिक रासमाळा.	४०८	१—०—०
*२५	आनन्दघनपद भावार्थ(१०८) संग्रह.	८०८	२—०—०
*२६	अध्यात्मशान्ति(आवृत्ति बीजी)	१२२	०—३—०
२७	काव्यसंग्रह भाग ७ मो.	१५६	०—८—०
*२८	जैनधर्मनी प्राचीन अने अर्वाचीन स्थिति.	९६	०—२—०
*२९	कुमारपाल (हिंदी)	२८७	०—६—०
३०	थी४·३४ सुखसागर गुरुगीता	२००	०—४—०
३५	षड्द्रव्यविचार.	२४०	०—४—०
३६	विजापुरवृत्तांत.	९०	०—४—०
३७	साबरमतीकाव्य.	१९६	०—६—०
३८	प्रतिज्ञापालन.	११०	०—५—०

*३९–४०–४१ जैनगच्छमतप्रबंध, संघप्रगति, जैनगीता	३०४	१–०–०
४२ जैनधातुप्रतिमा लेखसंग्रह भा १		१–०–०
४३ मित्रमैत्री		०–८–०
*४४ शिष्योपनिषद्	४८	०–२–०
४५ जैनोपनिषद्	४८	०–२–०
४ –४७धार्मिक गद्यसंग्रह तथा पत्र सदुपदेश भाग १ लो	९७६	३–०–०
४८ भजनसंग्रह भा ८	९७६	३–०–०
*४९ श्रीमद् देवचंद्र भा १	१०२८	२–०–०
५० कर्मयोग	१०१२	३–०–०
५१ आत्मतत्त्वदर्शन	११२	०-१०-०
५२ भारतसहकारशिक्षण काव्य	१६८	०-१०-०
५३ श्रीमद् देवचंद्र भा २	११००	३–८–०

५४	गहुंली संग्रह भा. २	१३०	०—४—०
५५	कर्मप्रकृतिटीकाभाषांतर.	८००	३—०—०
५६	गुरुगीत गुंहलीसंग्रह.	१९०	०-१२-०
५७-५८	आगमसार अने अध्यात्मगीता.	४७०	०—६—०
५९	देववंदन स्तुति स्तवन संग्रह.	१७५	०—४—०
६०	पूजासंग्रह भा. १ लो.	४१६	१—०—०
६१	भजनपदसंग्रह भा. ९	५८०	१—८—०
६२	भजनपदसंग्रह भा. १०	२००	१—०—०
६३	पत्रसदुपदेश भा. २	५७५	१—८—०
६४	धातुप्रतिमालेख संग्रह भाग २		१—०—०
६५	जैनदृष्टिए ईशावास्योपनिषद् भावार्थविवेचन.	३६०	१—०—०
६६	पूजासंग्रह भाग १—२	४१५	२—०—०
६७	स्नात्रपूजा.		०—२—०

६८ श्रीमद् देवचद्रजी अने तेमनु
 जीवनचरित्र. ०-४-०

६९-७२ शुद्धोपयोग वि सस्कृत
 ग्रथ ४ १८० ०-१२-०

७३-७७ सघकर्तव्य वि सस्कृत ग्रथ ५ ०-१२-०

७८ लाला लाजपतराय अने जैनधर्म. ०-४-०

७९ चिन्तामणि ०-४-०

८० जैनधर्म अने ख्रीस्ति धर्मनो मुकाबलो

८१ जैन ख्रीस्ति संवाद

८२ सत्यस्वरूप

८३ ध्यान विचार

८४ अध्यात्म गीता (संस्कृत)

८५ आत्मसमाधि शतक (संस्कृत)

त्रणनी कीं. रु १-०-०

નીચેના ગ્રંથો ટુંક મુદતમાં બહાર પડશે

(૧) કન્યા વિક્રય નિષેધ. (૨) આત્મપ્રકાશ. (૩) આત્મશક્તિપ્રકાશ. (૪) ક્ષમાપના (૫) શ્રીમદ્ યશોવિજયજી નિબંધ. (૬) મણિચંદ્રજીકૃત ૨૧ સઝ્ઝાઓ. ભાવાર્થસાથે. (૭) (આત્મદર્શન) (૮) તત્ત્વ વિચાર. (૯) મોટું વિજાપુર વૃત્તાંત, (૧૦) જૈન ધાર્મિક શંકા સમાધાન, (૧૧) શ્રીમદ્ દેવચંદ્રજી નિર્વાણ રાસ, (જીવનચરિત્ર) (૧૨) મુદ્રિત જૈન શ્વેતાંબરગ્રંથ નામાવલિ (ગાઇડ) (૧૩) આત્મશિક્ષા ભાવના.

પુસ્તકો મળવાનાં ઠેકાણાં:—

૧ વકીલ મોહનલાલ હીમચંદ.

પાદરા (ગુજરાત)

૨ આત્મારામ ખેમચંદ

સાણંદ (જીલ્લે અમદાવાદ)

૩ ભાંખરીઆ મોહનલાલ નગીનદાસ
સ્ટ્રીટ ન ૧૯૨-૯૪, બજારગેટ કોટ—મુંબાઇ.
૪ શેઠ નગીનદાસ રાયચંદ ભાંખરીઆ
મહેસાણા
૫ શેઠ ચંદુલાલ ગોકળદાસ.
જૈન જ્ઞાન મંદિર વિજાપુર.
૬ બુકસેલર મેઘજી હીરજી પાયધુની—મુંબાઇ.

સુશ્રાવક. શેઠ. લલ્લુભાઇ કરમચંદને
અર્પણપત્રિકા.



મારી સાથે તમારો તમારી તેર ચઉદ વર્ષની ઉમર લગભગથી પરિચય થયો હતો. મેં તમને તમારી સોળ સત્તર વર્ષની ઉમરે બાલાભાઇ ઘહેલાભાઇની સાથે પર સ્ત્રી ત્યાગનો ઉપદેશ આપ્યો હતો, તમો એ પરસ્ત્રીત્યાગની બાધા અખંડ પાળી રહ્યા છો, તેથી તમારી ઉન્નતિ થઇ છે, બાલ્યાવસ્થાથી તમારો આત્મા ઉત્સાહી, ઉદ્યમી અને આગળ આવવા કાળજીવાળો ખંતીલો હતો. તમો તમારા સુપ્રસિદ્ધ, બનેવી શેઠ મગનલાલ કંકુચંદની સાથે મુંબાઇ ગયા અને વ્યાપારનું શિક્ષણ મેળવી બાહોશ થયા. જૈન બાલક વિદ્યાર્થીના અનેકગુણોએ તમારામાં વાસ

કર્યો, મોહમયી મુબાઇ નગરીમા દુરાચારી વ્યસનીઓના સગથી મુક્ત રહ્યા ચિતામણિ લઘુ પુસ્તકમા લખેલી શિખામણોની મૂર્તિરૂપ તમે બન્યા પોતાના બનેવીની સાથે વ્યાપાર કરવામા નીતિપૂર્વક કુશલ થયા માગરોળ જૈન સભામા મેમ્બર થયા અને માગરોળ જૈનસભાના કર્તવ્યને આગળ ધપાવ્યુ અને ઉત્સાહ, ખત, ઉદ્યમથી મુબાઇના જૈન સઘમા ધાર્મિક કાર્યોમા ભાગ લેવા માડયા, તમોએ શેઠ મગનલાલ કકુચદના મરણ પછી તેમની દુકાનનો કારોબાર પોતાના નામે પોતાના હાથમા લીધો મુબાઇના અમાગ વિ. સ ૧૯૬૭ ના ચોમાસામા તમોએ વ્યાખ્યાન સાભળવામા સારો ભાગ લીધો, તેમજ જૈન અધ્યાત્મજ્ઞાનપ્રસારકમડળનો તમોએ આઠ નવ વર્ષ સુધી શેઠ મગનલાલ કકુચદની સાથે મુખ્યતાએ વહીવટ કર્યો, મુબાઇના ક-

રેક ધાર્મિકભાષણોમાં તમારી હાજરી હોયજ, માંગરોળ જૈન સભામાં તમારો આત્મભોગ અને હાજરી હોયજ ખરી. મુંબાઈમાં રહીને તમે માનસિકસદ્‌વિચારોનો વિકાસ કર્યો, અને અમારાં બનાવેલાં પુસ્તકો છપાવવામાં તમોએ સારો આત્મભોગ આપ્યો છે.

તમારા માટે શેઠ મગનલાલ કંકુચંદે બંગલો બંધાવ્યો હતો પણ પાછળથી શેઠ મગનલાલ કંકુચંદે તે બંગલો પોતાને માટે રાખવા વિચાર કર્યો તે વખતે તમોએ શેઠ મગનલાલની મરજીને સાચવીને તેમના સારામાં પોતાનું સારૂં માની તેમની મરજી સાચવી, એ બાબતની તમારી કૃતજ્ઞતા ઉદારતાનો મને અનુભવ છે. આજ સુધી સાતવ્યસનોથી દૂર રહ્યા છો. વિ. સ. ૧૯૭૩ ની સાલમાં પાલીતાણા શ્રી યશોવિજય ગુરૂકુલના સેક્રેટરી થયા, અને સાત વર્ષથી તે

ચલાવવામા સારી રીતે યથાશક્તિ આત્મભોગ આપોછો હરરોજ જિનેશ્વર ભગવાનની પૂજા કરોછો અને સામાયિક પણ કરોછો પર્યુષણ વગેરેમા પ્રતિક્રમણ કરો છો, વિજાપુરમા શેઠ મગનલાલ કકુચદની બોર્ડીંગ કે જે વિ સ ૧૯૭૩ મા સ્થપાઇ છે, તેને ચલાવવામા આત્મ ભોગ આપોછો, પાજરાપોળ, પાઠશાળાઓ, જીર્ણોદ્ધાર વગેરેની ટીપોમા યથાશક્તિ રૂપૈયા ભરી આપોછો શેઠાણી મણીબેન કે જે શેઠ મગનલાલ કકુચદના પત્નીછે તેમણે વિજાપુરમા પટ્ટની જગ્યાનો બગલો તથા ધર્મશાળા બધાવી છે, તેમા પણ તમારી આગેવાની છે વિજાપુર જૈન જ્ઞાનમદિરમા પણ તમારો ફાળોછે, તમારો અભ્યાસ ગુજરાતી ત્રીજી અગર ચોથી સુધી હશે, પણ તમોએ તે પછી ગુજરાતી અનેક પુસ્તકો વાચ્યા અને જૈનમધમા ભાગ લેનાર થયા તમોએ

શેઠ. મગનલાલ કંકુચંદની આજ્ઞાઓને સારી રીતે પાળીછે. તેમજ શેઠ ઉમેદભાઇ કંકુચંદ તથા જેશીંગભાઇ રવચંદ તથા બાલાભાઇ ઘહેલાભાઇની સાથે પ્રેમ સલાહ સંપથી વર્તીને વ્યવહારમાં દક્ષતા, વિવેકતા જાળવી છે અને હજી જાળવોછો, જૈન શ્વે૦ મૂ૦ કોન્ફરન્સો, જયાં જયાં ભરાઇ હતી, ત્યાં ત્યાં તમે ગયા હતા, હજી પણ તમો ઉત્સાહ ખંત ઉદ્યમથી જૈનધાર્મિક કાર્યોમાં યથાશકિત ભાગ આપોછો. દેવ ગુરૂ-ધર્મની શ્રદ્ધામાં સ્થિરછો. બાલ્યાવસ્થાથી મારા પરિચયીછો અને નીતિના ગુણોએ અલંકૃત છો, તેથી તમારા પર મને ધર્મસ્નેહ પ્રગટે છે.

અને તમો ભવિષ્યમાં સારાં ધાર્મિક કાર્યોને કર્મયોગી વીર બની કરશો એવું ઇચ્છું છું. તમારૂં મન ઉત્સાહી રહ્યા કરે છે, અને સદ્-ગુણોની વૃદ્ધિ કરવામાં તમારો આત્મા ઉદ્યમી છે, તેથી મ્હને આનંદ થાય છે. તમો ધારો તો

સાબરમતીના કાઠાની જૈનબોર્ડીંગ ઉઘાડી શકો અને વિજાપુરમા જૈન બોર્ડીંગ સ્થાપી શકો, હજી તમારે ઘણા ધાર્મિક કાર્યો કરવાના છે જૈન સઘની સેવામા અર્પાઇ જાઓ એમ ઇચ્છુ છુ જૈનકોમમા મેસાણાના પ્રસિદ્ધ સુશ્રાવક શા વેણીચદ સુરચદે ધર્મકાર્યોમા જેજે આત્મભોગ આપ્યો છે, તે અત્યત પ્રશસ્યછે તમો ધારોતો શા વેણીચદભાઇ જેવા ભવિષ્યમા કર્મયોગી બની શકો મહાત્મા ગાધીએ જેમ દેશોદયમા પોતાનુ જીવન હોમ્યુ છે તેમ તમો પણ ભવિષ્યમા જૈનોમાટે અર્પાઇ જાઓ એમ ઇચ્છુ છુ ગુરૂભક્ત, દેવ ભક્ત, પરસ્રીત્યાગીને પોતાની મેળે સર્વ સપદાઓ પ્રાપ્ત થાય છે. તમોએ વિજાપુરમાં બગલો બંધાવીને વિદ્યાપુરીય ગૃહસ્થ તરીકે તમે પોતાને ઓળખાવ્યા છે તો તમો વિજાપુર જૈન બાલકોની ઉન્નતિ કરવામા કઇક કરશો. જૈનબાલકોને જ્યાં ત્યા વ્યાપાર વગે-


રેમાં ઠેકાણે પાડવામાં કટિબદ્ધ વિશેષતઃ થશો. તમારા પુત્ર જયંતીલાલને ચિંતામણિ પુસ્તકની શિક્ષાઓ સમજાવશો. ગૃહસ્થ શ્રાવકોના છતા ગુણોની પ્રસંશા કરવી અને તેમને ધર્મકાર્યમાં ઉત્સાહિત કરવા, એ મારૂં કર્તવ્ય છે. એક મનુષ્ય ગૃહસ્થ દશામાં આત્મભોગી, કર્મયોગી બને તો ઘણું કરી શકે છે. બી. એ. એમ. એના કરતાં તમોએ ઘણું આનુભવિક જ્ઞાન મેળવ્યું છે, માટે તમારી ધાર્મિક સેવા ભક્તિના ગુણોથી આકર્ષાઇને આ ચિંતામણિ લઘુ પુસ્તક તમને ભેટ કરી તે નિમિત્તે તમને ઉત્સાહી કરવા ધારૂં છું, અને તેથી તમો જૈન તથા તમારાં બાલકોને કેળવી સારાં કરશો. એમ ઇચ્છું છું.

ॐ अर्हम् महावीर शान्तिः शान्तिः शान्तिः

વિ. સં. ૧૯૮૦
આસો વિજયાદશમી
મુ. પેથાપુર.

લે. બુદ્ધિસાગરસૂરિ.

પેથાપુરવાસી જૈન, ગાંધી સુશ્રાવક શા છનાલાલ જેઠાભાઈનું જીવનચરિત.



જન્મ વિ. સ ૧૯૧૦–મરણ– ૧૯૫૮ –આષાડ, વદિ ૭

ગાધી, જેઠાભાઈ પાનાચદના પુત્ર, છનાલાલ જ્ઞાતે વીશા પોરવાડ જૈન હતા, તેમણે બાલ્યાવસ્થામા ગામઠી નિશાળમા મહેતાજી પાસે અભ્યાસ કર્યો હતો શેઠ જેઠાભાઈ, તથા, વર્ધમાનભાઈ પાનાચદ ગાધી વગેરે શ્રાવકોના ગુરૂ શ્રીનેમિસાગરજી મહારાજ હતા, તે વખતે વિ સ. ૧૯૧૩ લગભગથી ધર્મશાલાનો વહીવટ, ગાધી વર્ધમાન ભાઈ કરતા હતા શ્રીનેમિસાગરજીમહારાજે પેથાપુરમા ગોરજીઓનું જોર હઠાવીને

ખરેખરો મુનિમાર્ગ જણાવ્યો હતો. શ્રીનેમિ સાગરજી મહારાજે ગાંધી વર્ધમાન પાનાચંદને શ્રાવક યોગ્ય પ્રતિષ્ઠા વિધિની ક્રિયા કરવાનું શિક્ષણ આપ્યું હતું, તેથી વધુ ભાઇએ અનેક ઠેકાણે પ્રતિષ્ઠા વિધિ કરાવી હતી તથા તેમણે ગુરૂમહારાજ નેમિસાગરજી પાસે શ્રાવકનાં બારવ્રત અંગીકાર કર્યાં હતાં તે કવિપણ હતા, જેઠાભાઈ અને વર્ધમાનભાઈ બન્ને એક પિતાના પુત્ર અને ભાઈઓ હતા. વધુભાઈના પુત્ર મગનલાલ થયા. તેમણે વૈદકનો ધંધો કરવા માંડયો. ગાંધી વધુ પારેખે. વિ. સં. ૧૯૨૭ સુધી સાગરગચ્છની ધર્મશાલાનો વહીવટ કર્યો. શેઠ. છનાલાલભાઇને ગુરૂ મહારાજ શ્રી રવિસાગરજીનો પરિચય થયો અને તેમણે જૈનધર્મપ્રકરણો વગેરેનો શ્રીરવિસાગરજી ગુરૂમહારાજ પાસે અભ્યાસ કર્યો, તથા પ્રતિષ્ઠા વિધિનું જ્ઞાન મેળવ્યું, અને ગાંધી

વર્ધમાન ભાઈની સાથે પ્રતિષ્ઠા વિધિ કરાવવામા જવા લાગ્યા ગાંધી છનાલાલ શેઠે, વિ સ. ૧૯૨૮ થી ધર્મશાલાના વહીવટનો કારભાર શરૂ કર્યો તેમણે ગુરૂશ્રી રવિસાગરજી તથા શ્રીધર્મ સાગરજીના અનેક વ્યાખ્યાનો શ્રવણ કર્યો અને શ્રોતા શ્રાવક તરીકે પ્રખ્યાતિ પામ્યા શેઠ, છનાલાલ જેઠાભાઇ ગાંધીએ નીચે પ્રમાણે શ્રાવક યોગ્ય પ્રતિષ્ઠાને વિધિ ક્રિયા કરાવવામા ભાગ લીધો હતો.

વિ સ. ૧૯૩૦ શ્રાવણ સુદિ ૯	સોયણીમા શ્રી મલ્લિનાથ જીને મૂર્તિને ગાદીપર બેસાડવાની પ્રતિષ્ઠાવિધિ ક્રિયા કરી
વિ ૧૯૩૮ શ્રાવણ સુદિ ૯	પેથાપુર શ્રી સુવિધિનાથની પ્રતિષ્ઠાની વિધિ કરી.
વિ ૧૯૪૩ માઘસુદિ ૧૦	સોયણી શ્રી મલ્લિનાથની પ્રતિષ્ઠાની વિધિ કરી

વિ.	૧૯૪૫	ડાંગરવામાં પ્રતિષ્ઠાવિધિ કરી
વિ.	૧૯૪૭	પાટણ, ખીજડાના પાડામાં શ્રી ઋષભદેવની પ્રતિષ્ઠા-વિધિ ક્રિયા કરાવી તથા બીજા દિવસે બાબુ પન્નાલાલ પુનમચંદના ઘેર ઉજમણામાં શાંતિસ્નાત્ર ભણાવ્યું.
વિ.	૧૯૫૦	માણસામાં મારૂના દેરાસરની પ્રતિષ્ઠા તથા મોટા દેરાસર પાસેના નાનાદેરામાં શ્રી નેમિનાથની પ્રતિષ્ઠા વિધિ કરી.
વિ.	૧૯૫૧	પેથાપુરના મોટા દેરાસરની દેરીઓની પ્રતિષ્ઠા વિધિ કરી.
વિ.	૧૯૫૧	મેસાણા સુમતિનાથની પ્રતિષ્ઠા વિધિ ક્રિયા કરી.
વિ.	૧૯૫૫	પુંજાપરા કુંથુનાથની પ્રતિષ્ઠા વિધિ ક્રિયા કરી.

વિ. ૧૯૫૫ માણેકપુરના દેરાસરની પ્ર-
તિષ્ઠા વિધિ ક્રિયા કરી.

વિ ૧૯૫૬ પુનામા મોટા દેરાસરમા
શેઠ ગણપત અમુલેખના
દેરાસરમા પ્રતિષ્ઠા વિધિક્રિયા
કરી

વિ ૧૯૫૬ પેથાપુરમાં કોલેરા વખતે
વૈશાખમા શાંતિ સ્નાત્ર
ભણાવ્યુ.

વિ ૧૯૫૬ માણસામાં આગોમા કોલેરા
વખતે શાંતિસ્નાત્ર ભણાવ્યું

વિ. સ ૧૯૫૮ પાલેજ કાર્તક વદિ બીજ.
શ્રી મહાવીર પ્રભુની પ્રતિષ્ઠા
વિધિ ક્રિયા કરી.

વિ સં ૧૯૫૮ વૈશાખ માસમા પેથાપુરમાં
શેઠ નથુ અમરચંદ લ-
ખમીચંદ તરફથી શાંતિ-
સ્નાત્ર ભણાવ્યું.

વિ. સં. ૧૯૫૨ વિજાપુર પદ્માવતીના દેરાસરમાં શ્રી ઋષભદેવ મૂલના ચકની પ્રતિષ્ઠા વિધિ કરી.

વિ. સં. ૧૯૪૫ મોડાસામાં શ્રી ઋષભદેવ સ્વામીની પ્રતિષ્ઠા વિ૦ કરી.
અમદાવાદ ડોશીવાડાની પોળમાં શાંતિસ્નાત્ર ભણાવ્યું.

અમદાવાદ—વાઘણપોળ. સંભવનાથની ખડકીમાં શ્રી અજિતનાથ સ્વામીની પ્રતિષ્ઠા વિધિ કરી તથા સામાદેરાસરની પ્રતિષ્ઠા વિધિ કરી.

અમદાવાદ—કોઠારીની પોળમાં શ્રી વાસુપૂજ્યની પ્રતિષ્ઠા વિધિ કરી.

વિ. ૧૯૫૭ અમદાવાદ– કાકાબળીયાની પોળમાં શ્રી સુવિધિનાથ સ્વામીની પ્રતિષ્ઠા વિધિ કરી.

વિ. ૧૯૫૪ અમદાવાદ હઠીભાઇની વાડી-
મા ચૌમુખજીની પ્ર વિ કરી
માડલમા શાતિસ્નાત્ર ભણા-
વ્યુ વીરમગામમા શાતિ-
સ્નાત્ર ભણાવ્યુ
અમદાવાદ—વિદ્યાશાળામા અષ્ટોતરી સ્નાત્ર
ભણાવ્યુ અહેમદનગરમાશ્રી
અજિતનાથસ્વામીની પ્રતિષ્ઠા
વિધિ ક્રિયા કરી
લાડોલ—શાતિસ્નાત્ર ભણાવ્યુ
વડુ—શ્રીવાસુ પૂજ્યની પ્રતિષ્ઠા
વિધિ ક્રિયા કરી
પેથાપુર—શેઠ પાનાચદ જયગામના
દેરામા શ્રીમહાવીર સ્વામીની
પ્રતિષ્ઠા વિધિ ક્રિયા કરી
પ્રાતિજ—શાતિસ્નાત્ર ભણાવ્યુ
લખતર—પ્રતિષ્ઠા વિધિ કરી

વિ. ૧૯૩૦ જામળાનાદેરાસરની પ્રતિષ્ઠા વિધિ કરાવી.

તેમણે શ્રી રવિસાગરજી ગુરૂ પાસે શ્રાવકનાં બાર વ્રત ગ્રહણ કર્યાં હતાં.

પેથાપુર. સાગર ધર્મશાળાનો વહિવટ વિ. ૧૯૦૯ માં ગાંધી વધુ પારેખે શરૂ કરવા માંડયો. ગાંધી વધુ પારેખે વિ. ૧૯૨૭ સુધી વહીવટ કર્યો. વિ. ૧૯૨૮ થી તે ૧૯૫૮ સુધી ગાંધી. છનાલાલ જેઠાભાઇએ વહીવટ કર્યો.

વિ. સં. ૧૯૫૨ માં ગાંધી છનાલાલ જેઠાભાઇ વિજાપુરમાં વૈશાખ સુદિમાં પદ્માવતીના દેરાસરમાં મૂલનાયકની પ્રતિષ્ઠાવિધિ કરાવવા આવ્યા હતા. તે વખતે મારે તેમની સાથે પરિચય થયો અને તેથી પરસ્પર ધર્મ પ્રેમ વધ્યો. તેમની સાથે શા. મનસુખભાઇ અમથાલાલ આવ્યા હતા. શેઠ. છનાલાલના ગૃહસ્થ

શિષ્ય જેવા મનસુખભાઈ હતા, તેમજ તે દયાલુ. પ્રભુભક્ત, ધર્મપ્રિય, ક્રિયાપાત્ર શ્રાવક હતા. છનાભાઈ ગંભીર, પ્રતિષ્ઠિત, સર્વવ્યવહારદક્ષ, નમ્ર, અને જૈનધર્મની શ્રદ્ધાવાળા શ્રાવક હતા બન્નેની સાથે અમારો ધર્મરંગ થયો અને મે તેમની પાસેથી પ્રતિષ્ઠા શાન્તિસ્નાત્રવિધિ ધારીલીધી વિ. સં ૧૯૫૨ના જેઠમાસમા તેમની પાસે આજોલથી પેથાપુર જવાનું થયુ હતુ તે વખતે તેમનુ સ્વાગત, વિવેક પ્રેમ વિગેરેનો અનુભવ કર્યો હતો પેથાપુરમાં સાગર ગચ્છ જૈનધર્મશાલામાના તે મુખ્યશ્રાવક હતા તેમણે અનેક સૂરિમુનિયોનો સમાગમ કર્યો હતો તે કહેતા હતા કે શ્રી રવિસાગરજી મહારાજ જેવા મે અન્ય કોઈ સાધુ દીઠા નથી છનાલાલગાંધી, અનેક ધાર્મિક પુસ્તકોનુ વારવાર વાચન કરતા હતા, વિ સં ૧૯૫૩ મા અને વિ ૧૯૫૪-૫૬

–૫૭ માં તેઓ અમને માણસામાં શેઠ. વીરચંદભાઇ કૃષ્ણાજી અને શેઠ. હાથીભાઇ મલચંદને ત્યાં મળ્યા હતા. તે વખતે તેમણે મારી સાથે જૈનધર્મ સંબંધી અનેક પ્રશ્નોની ચર્ચા કરી હતી, મારા જૈનશાસ્ત્ર જ્ઞાનના ઉપયોગથી તે મારા ઉપર ઘણા રાજી રહેતા હતા. તેમણે અમદાવાદ વિદ્યાશાલામાં. સંઘવી છોટાલાલ લલ્લુભાઇ. શકરચંદ વગેરેને શ્રાવક યોગ્ય પ્રતિષ્ઠા વિધિ શીખવી હતી, વિ, સં. ૧૯૫૩ માં તે વિજાપુર આવ્યા હતા. મારી સાથે તેમનો પત્ર વ્યવહાર ચાલ્યા કરતો હતો. જ્યારે મારૂં ગૃહસ્થ દશામાં મેસાણા યશોવિજય પાઠશાલામાં અભ્યાસ કરવા ગમન થયું હતું. ત્યારે તે ત્યાં આવી મળતા હતા, વિ. સં. ૧૯૫૫ માં પૂજાપરાની પ્રતિષ્ઠાવિધિ કરાવી હતી. તે વખતે હું પણ તેમની સાથે હતો. વિ. સં. ૧૯૫૬ ના માગશરસુદિ છઠ્ઠના

રોજ મેસાણામા ગુરૂમહારાજ શ્રી રવિસાગરજી મહારાજની દેરીમા ગુરૂમહારાજની પાદુકાની પ્રતિષ્ઠા કરવા આવ્યા હતા મનસુખભાઇ પણ સાથે આવ્યા હતા લાલી પારેખ જેશીંગભાઇ સાકરચદ પણ સાથે આવ્યા હતા

ગુરૂ મહારાજની પાદુકા પ્રતિષ્ઠામા અમે બન્નેએ સારી રીતે ભાગ લીધો હતો. અમારી દીક્ષા થયા પછી વિ સ ૧૯૫૭ ના સુરતના ચોમાસામા પેથાપુર પાજરાપોળની ટીપમાટે આવ્યા હતા તે વખતે તેમણે અમારો બોધ સાભળ્યો હતો અને ધર્મકરણીમા પછીથી ઘણુ મન જોડયુ હતુ, પશ્ચાત્ તેમણે વિ સ ૧૯૫૮ મા પાલેજમા મૂલ નાયકની છેલ્લામા છેલ્લી પ્રતિષ્ઠાવિધિની શ્રાવકયોગ્યક્રિયા કરી, પછીથી તેમણે પેથાપુરમા વૈશાખ માસમા બાણુ મોતિચદ ભગવાનદાસ તરફથી શાન્તિસ્નાત્ર ભણાવ્યુ, પશ્ચાત્ વિ સ. ૧૯૫૮ના આષાઢ વદિ

સાતમે દેહનો ત્યાગ કરી તે ઉત્તમ શુભ ગતિ પામ્યા. શેઠ છનાલાલ ગાંધી માયાળુ, દાતાર, ધર્મ પ્રેમી, ગુણાનુરાગી, દેવગુરૂધર્મભક્ત, આત્માર્થી હતા, તેઓ પરસ્ત્રી ત્યાગી અને વ્યસનરહિત હતા, ગમે તેની પાસેથી જ્ઞાન ગ્રહવામાં ઉત્સાહી ઉદ્યમી હતા. તેમણે પ્રતિષ્ઠા વિધિક્રિયાઓ, ઉજમણાં, બધાં મળીને ૮૦ એંશીના આશરે કરાવ્યાં હતાં, તેમનામાં અહંકાર નહોતો અને ગંભીર દીર્ઘદર્શી હતા, તેમને આડંબર બતાવવાની ટેવ નહોતી, શ્રાવકયોગ્યપ્રતિષ્ઠાવિધિ કરાવવા તેઓ લક્ષાધિપતિ શેઠીયાઓના ત્યાં જતા હતા, પણ ગાડીભાડાના ખર્ચ વિના તેઓ તેઓની પાસેથી એક પાઇ પણ લેતા નહોતા, ઉલટા ચાંલ્લો કરીને થોડા રૂપૈયા આપી આવતા હતા, ધાર્મિકપાઠ-શાલાઓમાં તે વિશેષ પ્રેમ ધારણ કરતા હતા

અને તેમના પુત્ર ફકીરચદને પણ મારી પાસે પાઠશાલામા ભણાવા મૂકવા વિચાર કર્યો હતો, ન્યાયસપન્ન વૈભવથી તે આજીવિકા ચલાવતા હતા, તેમનામા શ્રાવકના ઘણા ગુણો ખીલ્યા હતા, તેમના બે પુત્ર થયા. ૧ ફકીરચદ ૨ બીજા ડાહ્યાભાઇ વિ સ ૧૯૭૧ મા સાગલીમા પ્લેગ ચાલ્યો હતો તેથી ડાહ્યાભાઈનું મૃત્યુ થયુ ભાઈ ફકીરચદે વિ સ. ૧૯૫૮ થી વિ. સ. ૧૯૭૧ સુધી પેથાપુર સાગગચ્છ ધર્મશાળાનો વહીવટ કર્યો અને પછી અમારી સમક્ષ વિ સ. ૧૯૭૧ના પેથાપુરમા તેમને એકવીસ ટ્રસ્ટીઓની કરેલી કમિટીને પોતાનો ચોખ્ખો વહીવટ સોપી દીધો છે શેઠ ફકીરચદ સાગલીમા ગોળની દુકાન ચલાવે છે અને તેથી પચ્ચાશ હજાર લગભગ રૂપૈયા કમાયા છે તથા તેમને બે પુત્ર થયા છે. ફકીરચદ પણ સ્વર્ગસ્થ સ્વપિતાની પેઠે દક્ષિણ ગુજરાતમા પ્રતિષ્ઠા

વિધિ ક્રિયા કરાવે છે. શાંતિસ્નાત્ર અને અષ્ટો-
ત્તરીસ્નાત્ર ભણાવે છે. ફકીરચંદ સ્વભાવે ગંભીર,
શાંત દયાળુ, નીતિમાન્, પરોપકારી, દેવગુરૂધર્મ,
શ્રદ્ધા પ્રેમી, અને સદાચારી, જૈન ધર્મની શ્રદ્ધા-
વાળા પ્રતિષ્ઠાવંત ગૃહસ્થ થયા છે.

ગાંધી વધુ પારેખના પુત્ર વૈદ્ય મગનલાલના
પુત્ર વૈદ્ય, ભાઈ ચંદુલાલ મગનલાલે, વડોદરા-
માં વૈદ્યપરીક્ષા આપી વૈદ્ય રત્નની પદવી
મેળવી છે, વૈદ્ય ચંદુલાલ પણ પ્રતિષ્ઠા વિધિ
ક્રિયા કરાવે છે. શાંતિસ્નાત્ર અષ્ટોત્તરી સ્નાત્ર
ભણાવે છે. દેવ ગુરૂધર્મ શ્રદ્ધાભક્તિવાળા છે,
સ્વભાવે માયાળુ પ્રેમી અને સાધુસંતની
સેવા ભક્તિ કરવાવાળા છે શેઠ. છનાલાલ
અને વધુ પારેખની પાછળ તે બે હજી
સુધી પોતાના પિતાની પાટ સાચવી રહ્યા છે,
બન્નેનો અમારી સાથે ઘણો પરિચય. લગભગ
બારવર્ષની ઉમરથી હતો. પેથાપુર સાગરગચ્છના

તે બે હાલ પણ આગેવાન છે બન્નેનુ માન સારૂ છે, તે બે અમાગ ભક્ત શ્રાવક છે શાસનદેવો તે બન્નેને ધર્મ કાર્ય કરવામા સહાય કરે

શેઠ. ફકીરચંદ છનાલાલે ચિતામણિ પુસ્તક છપાવવામા રૂ ૨૦૦) બસે રૂપૈયા આપ્યા છે વિ સ. ૧૯૮૦ મા પેથાપુરમા અમારી પાસે પર્યુપણ કરવા આવ્યા હતા તેમનો સ્વભાવ, આનદી, નિરભિમાન અને ગભીર છે સ્વભાવે નમ્ર શાત અને મળતાવડા છે તેમની પાછળ તેમના સતાનો પણ જૈન ધર્મી વિવેકી ઉત્તમ બનો

પેથાપુરમા શેઠ છોટાલાલ હાથીભાઈ એક ઉત્તમ અને નગરશેઠ તરીકે પ્રસિદ્ધ જૈન શ્રાવક થયા પેથાપુરના સર્વ લોકો તેમનુ વચન માનતા હતા, તેમણે દેરાસર અને પાજરાપોળનો વહીવટ કર્યો, પશ્ચાત્ વિમલ

ગચ્છમાં શેઠ. હાથીભાઈ ઝવેરે આગેવાની ભર્યો ભાગ ચાર ટ્રસ્ટીઓ સહિત લીધો હતો. હાલમાં સાગરગચ્છ ઉપાશ્રયમાં શેઠ, નહાલચંદ ફત્તેહચંદ અને શેઠ. કેશવલાલ મનસુખ આગેવાન તરીકે છે. તથા, દેરાસર પાંજરાપોળના વહીવટમાં શેઠ. માણેકચંદ ફત્તેહચંદ તથા શેઠ. મનસુખ ઘેલાભાઈ આગેવાન તરીકે છે, આકોલાવાલા શેઠ. ચુનીલાલ ડોશલની વિધવા શેઠાણી સીતાબેનેઅમારા ઉપદેશથી એક નવો ઉપાશ્રય બંધાવ્યો છે અને એક સાગર ગચ્છની વાડી બંધાવે છે. પેથાપુર સાગરગચ્છમાં અમારા ઉપદેશથી જૈન પાઠશાલા ખોલવામાં આવી છે. પેથાપુર પાંચસે વર્ષનું પ્રાચીન પુરછે, તેમાં મુખ્ય બાવન જીનાલયનું સુવિધિનાથનું દેરાસર છે અને બીજું, શેઠ. પાનાચંદ જયરામનું દેરાસર છે. ત્રીજુ કલુ પારેખનું દેરાસર છે. પેથાપુરમાં બે સાગર ગચ્છ

ના અને બે વિમલગચ્છના ઉપાશ્રયછે, એક પાઠશાલા અને એક ગોરજીનો ઉપાશ્રય તથા એક મહાજનની દુકાન તથા એક પાજરા- પોળ છે, પોષ્ટ ઑફીસ સરકારી ઈગ્લીશ શાળા તથાગુજરાતી શાળા તથા એક સરકારી દવાખાનુ છે સાબરમતીની ઠેઠનજીક કાઠાપર પેથાપુર ગામ છે સાબરમતીની આથમણી દિ શાએ પેથાપુર છે તેના ત્રણસે શ્રાવકોના ઘર છે. પાચ છ હજાર મનુષ્યની સખ્યા છે વાઘેલા ઠાકોર ફતેહસિહજી કાલના પેથાપુરના ઠાકોર છે, પણ હાલ સેનેજર ગિવલાલભાઇ તાલુકાનો વહીવટ કરે છે. પેથાપુરમા એક શેઠ ભગુભાઇ કાલીદાસના નામની લાયબ્રેરી છે અને અહી પેથાપુર વિદ્યાર્થી મડલ છે અમદાવાદવાળા શેઠ હઠીસગ કેશરીચદની જૈનધર્મશાળા છે તેનો વહીવટ શેઠ પાનાચદ જયગમવાળા કરે છે જૈનો પેકી ઘણા પરદેશમા વ્યા

પારાર્થે ગયા છે, અને કેટલાક ઇંગ્લાંડ ફ્રેન્સ દેશમાં ગયા છે. કેળવણી અને ધનમાં તથા પુત્રવસ્તીમાં પેથાપુર છે તે મેસાણા વિજાપુર કરતાં આગળ આવે છે. પેથાપુરમાં શેઠ છનાલાલ જેવા ધર્મી પુરૂષો પ્રગટો એમ ઇચ્છું છું.

ॐ अर्हं महावीर शान्तिः ३

વિ. સં. ૧૯૮૦ આસો સુદિ ૧૦

વિજયા દશમી

મુ. પેથાપુર.

લે. બુદ્ધિસાગરસૂરિ.



॥ श्री वीतरागो विजयतेतराम् ॥

चिन्तामणि.

દુહા

સમરી ભગવતી ભારતી, સરસ્વતી સુખકાર,
શ્રી ચિંતામણી પુસ્તિકા, ભાખીશ હર્ષ અપાર.
વકીલ મોહનલાલના,-પુત્રરત્ન મણિલાલ,
તાસ ઉપર કરુણા કરી, ભાખુ વચનરસાળ

જૈનધર્મ અનાદિ શાશ્વત અવિનાશી અવનીમંડલમા વર્તે છે તે ધર્મઅગ્નિતામા સ્નાન કરનારનો જન્મ મરણ રૂપ મેલ દૂર જાયછે તીર્થંકર ભગવાન કે જે ધર્મધારકો-ચોવીશ

પ્રભુઓ છે તે ભરતભૂમીમાં ઉત્સર્પિણી અને અવસર્પિણીકાલમાં ઉત્પન્ન થાય છે. આ અવસર્પિણીકાલમાં શ્રી ઋષભદેવથી તે શ્રી મહાવીરસ્વામી પર્યંત ચોવીશ તીર્થંકરો થઇ ગયા છે. શ્રી ચરમજીનેશ્વર મહાવીરને શિવપદ પામે હાલ ૨૪૩૨ વર્ષો થઈ ગયાં છે. આધુનિક કાલમાં પંચમ આરો વર્તે છે, શાસન પણ શ્રી વીરપ્રભુનું વર્તે છે.

જે ભવ્ય જીવો !!! મહાવીરોક્ત આગમાજ્ઞા પ્રમાણે પ્રવર્તે છે, તદનુસાર ધર્મધારકો બને છે, તે અચિર વખતમાં અચલ લક્ષ્મીયુક્ત શિવપદને પામે છે. શ્રી દેવદેવાધીશ ચરમ તીર્થંકર અધીશે બે પ્રકારનો ધર્મ બતાવ્યો છેઃ—૧. સાધુધર્મ, અપર ૨. શ્રાવક ધર્મ. સાધુ ધર્મથી શીઘ્ર શિવપદની પ્રાપ્તિ થાય છે.

ઉપરોક્ત પ્રથમ ધર્મમાં યતીશ્વરોને પંચ

મહાવ્રતો પાલવાના સર્વ એ કથન કરેલા છે -ચ-
ણુમિત્તરી આદિ સાધુ ધર્મ નો ઘણો વિસ્તાર
શ્રીહેમચંદ્રાચાર્ય જી કૃત ગ્રંથોમાંથી જાણીલેવો

હવે અન્ય શ્રાવક ધર્મ કહેવાય છે

સામાન્ય રીતે ગુરુમુખાન્વિદથી જીન
કથિત ધર્મ ને જાણી દ્વાદશવ્રત પાલક બને તેને
શ્રાવક કહેવાય છે જીનેશ્વર કથિત ધર્મ પાલ-
વાથી મુક્તિ માર્ગ ઉત્તરોત્તર પામી શકાય છે
કોઇ તદ્ભવે પણ મોક્ષપદ પામે છે

જૈનધર્મ વિના અવર ધર્મો જે હાલ અવ-
નીતલમાં વિદ્યમાન છે "તે ધર્મો" કર્મથી મુક્ત
કઠીનતા પામેલ જણાયછે સત્યતા તજી અધર્મ
આલય નિવાસિત થયેલા જોવામાં આવે છે
"ધર્મ તો" જ્ઞાનગુણ ગણભૂષણ ભૂષિત કેવલ-
જ્ઞાનીએ સત્ય રીતે ભાષિત હોય તેજ છે
અને અવર ધર્મ તેતો કર્મના મર્મ આધીન

બધી ? શું તેને શાબાશી આપીએ " સખેદ છે કે " ધર્મ જ્ઞાન વિસારી કેવળ ઉદર પોષણના માર્ગને આધીન થઇ આવો કુવિચાર કરે તે યોગ્ય નથી.

૫ જૈન બાલકોએ અહર્નિંશ પ્રભુ ગુરૂ દર્શન વંદન કરવાંજ.

૬ ગુરૂ મહારાજ જે ધર્મોપદેશ આપે છે તે આપણા હિતને માટેજ છે એમ સમજી કરપુટાંજલિ પૂર્વક સ્થિર અંતઃકરણ કરી ગુરૂપદેશ સાંભળવો.

૭ જેને ઉપદેશ સાંભળ્યો હોય તેને તે પ્રમાણે વર્તવાનો ખપ કરવો.

૮ જૈન બાલકોએ સવારના પ્રહરમાં ઉઠતી વખતે નવકારનું સ્મરણ કરવું ત્યારબાદ દેરાસર દર્શન કરવા જવું અને તત્પશ્ચાદ્ ગુરૂ

મહાગજનુ દર્શન તથા વદન કગ્વા ઉપાશ્રયમા જવુ

૯ અપર કાર્ય કરીને ધર્માદિપુસ્તકો દઢ શ્રદ્ધાથી ભણુવા વાચવા

૧૦ નિશાળમા જઇ ખત પૂર્વક અભ્યાસ કગ્વો, કોઇ મતિહીન છોકગ સાથે અસભ્ય વેણ વદવુ નહિ, ને કલેશ કરવો નહિ

૧૧ બાલકોએ સવારમા ઉઠી માતા પિતાજીને નમન કગ્વુ અને માતા પિતાની આજ્ઞાને મસ્તકે ધાગ્ણ કગ્વી

૧૨ નિશાળથી આવી શાન્તિ લીધા બાદ નિશાળમા લીધેલ પાઠનુ પુનર્પુનર્ પઠન કગ્વુ તથા સધ્યા સમયે " શ્રી જીનેશ્વર દર્શન " પ્રતિક્રમણાદિ " ધર્મ કાર્ય કરવા ચૂકવુ નહિ

૧૩ જુગટુ, વેશ્યાગમન, ન કગ્વુ તથા મતિભ્રમોનો, સમાગમ સ્વપ્ને પણ કગ્વા

ઉત્સુક થવું નહિજ. ખરાબ ચાલ ચલગત ત્યાગ કરવી અને સત્ય માર્ગે વિચરવું.

૧૪. બાલકોને નાનપણમાંજ સાચું બોલવાની માબાપોએ રીતિ પાડવી તથા બાલકોએ પણ સાચું બોલવુંજ. જે છોકરાઓ તેવી સ્થિતિ સંપન્ન બને છે તેઓને સંકટ વિના પરિશ્રમે સર્વ વસ્તુ પ્રાપ્ત થાય છે ને તેઓનો ભવિષ્ય કાલ સુધરે છે.

૧૫ સૂર્યનું તેજ ઢાંકયું રહેતું નથી તેમ સત્યવચનવદનારનો "વીર્ય પ્રભાવ" સ્વયમેવ પ્રાબલ્ય કીર્તિને મેળવી અનેક સુખને સેવનારો, સતેજોમય દેદીપ્યમાન થઇ અસત્યાંધકારને ભેદવા તત્પર થાય છે તેમાં શંસય નથીજ, માટે સર્વદા સાચું બોલવુંજ.

૧૬ છોકરાઓએ કોઇની પડેલી આપ્યા વિનાની રકમ છાનીમાની લેવી નહિ. કાગળ,

ખડીઓ, બરૂ, ચપ્પુ વિગેરે ઉપયોગી વસ્તુઓ પણ અદત્ત લેવી નહિજ ઉપરોક્ત વસ્તુઓ આપ્યા વિના લેવાથી આળ ચઢી જતા પોતાની "વિશ્વાસનીયતા" માણસોમા ઘટી જાય છે ને નીચતા પ્રાપ્ત થાય છે ને તેથી અનેક દુખો પ્રાપ્ત થાય છે જેમ અલ્પ વિષ આત્માને દુખ દેવા તત્પર થાય છે, તેમ જરા પણ ચોરીની વસ્તુ, વિવેકાદિ દ્વારોને બધન કરનારી, અતિશય દુખ દેનારી થાય છે માટે તે નજ લેવી (ચોરપણાથી)

૧૭ ચોરી કરનાગ્નુ કોઇ દિવસ કલ્યાણ થતુ નથી અને તે મૃત્યુ બાદ પગ્ભવમા નરકમા પડી અઘોર દુખ ભોગવે છે માટે જૈન બાળકોએ ચોરી જરા માત્ર પણ કરવી નહિ

૧૮ જે છોકરો ચોરી કરી આનદ નિમગ્ન રહેતો હોય તેવાની સગત કદિ પણ કરવી

નહિ. તેની મિત્રતા પણ કરવી નહિ, કારણ કે "જેને જેવો સંગ, રંગ પણ તેવો બેસે" એ કવિતાધારે તેનામાં ચોરપણું તેની સંગથી પ્રાપ્ત થયા વિના રહેતું નથી. માટે ચોરીનો સર્વથા ત્યાગ કરવો.

૧૯ છોકરાઓએ મા બાપના કહ્યા વિના છાનીમાની ચોરી કહેવાય તેવી વસ્તુ ન લેવી.

૨૦ નિશાળમાંથી છૂટી ચૌટામાં ફાંફાં મારવાં નહિ ને પોતાને ઘેર આવવું.

૨૧ બાલકોએ ભણાવનાર મેહેતાજી ઉપર પૂર્ણ સત્ય પ્રેમનો ભાવ ધરવો અને તેમનું બૂરૂં બોલવું નહિ.

૨૨ શિક્ષક આપણી ભૂલો માટે જે ઉપદેશ કરે તે હૃદયમાં ધરવો ને તેનો સદુપયોગ કરવો.

૨૩ શિક્ષક પ્રત્યે બાળકોએ એવી વર્ત-ણુક રાખવી કે જેથી શિક્ષક આપણને પ્રેમ ભાવે દૃષ્ટિ દેતા મારો અભ્યાસ કરાવે

૨૪ નિશાળના બીજા છોકરાઓ જોડે "અભ્યાસ વાર્તા વિના" અન્ય ગપ્પા સપ્પાની વાત કરી નકામો "સમય" ગાળી નાખવો નહિ

૨૫ જે છોકરો ખતપૂર્વક એકચિત્ત રાખી અભ્યાસ કરે છે તે અ તે વિદ્વાન્ વિવે-કીને સર્વગુણ સમ્પન્ન નિવડે છે, ને નકામા ભણવાનો ડોળ દેખાડનાર મતિહીન વિદ્યાર્થીઓ અતિશય દુ ખ ભોગવે છે, માટે સર્વથા વખ તને નકામો ન ગાળતા અભ્યાસ કરવો

૨૬ જે છોકરાઓ લક્ષ આપી ભણતા નથી તે અ તે પસ્તાય છે

૨૭ પૈસાદારના છોકરાઓ એમ ધારેછે કે આપણે કયા રળવુ કમાવુ છે ? આપણે ઘેર

૩૪ આપણી માતાએ આપણુને સ્વોદરમાં નવ માસ ધારણ કરી અનેક પ્રકારનાં દુઃખો વેઠયાં, જન્મ આપી પાળી પોપી મોટા કર્યા છે તો માતાની આજ્ઞા પાળવા સર્વથા ચૂકવું નહિ. તેની ભકિત કરવી પૂજય બુદ્ધિ રાખવી. ઉપરોકત જનનીને સુખ દુઃખમાં સહાયી થઇ તદા જ્ઞાનાનુસાર વર્તવું. તેમ કરવાથી સંપદાઓ સ્વયમેવ આવી મળે છે.

૩૫. જૈન બાલકોએ ધર્મોપદેશક ગુરૂમહારાજનો વિનય કરવો, માતા પિતા તો આ ભવના ઉપગારી છે પણ પણ ગુરૂમહારાજ તો ચાલુભવ ને આગામીભવના ઉપગારી છે, તેથી તેઓ ઉપર દૃઢભકિત ભાવ પ્રેમ રાખવો, તદાજ્ઞાનુસાર સર્વદા વર્તવું એ શ્રેયઃપંથ છે.

૩૬ બાળકોએ સર્વથા બીડી, ચલમ, વિગેરે વ્યસન વર્જવું, કારણ તે તો મૂર્ખ ગુ-

હોતુ હાર છે, શાસ્ત્રાધાર છે કે " काव्यशास्त्र विनोदेन, कालो गच्छतिधीमताम् " व्यसनेनच मूर्खाणा, निद्रया कलहेनवा (અર્થ કાવ્યાદિશાસ્ત્રોના વિનોદે જ્ઞાનીનો સમય નિર્ગમન થાયછે ને મૂઢોનો વખત નિદ્રાકલહ અથવા વ્યસનવડે જાય છે, માટે સર્વથા તે મૂર્ખ દ્વારા તલ્લીન થવુ નહીં

૩૭ જૈન બાળકોએ નવરાશના વખતમા ધર્મ તથા નીતિના પુસ્તક વાચવા

૩૮ જૈન બાળકોએ શ્રીજીનેશ્વર પ્રણીત ધર્મ સત્યજ છે તેમ ધારી તેમા દઢ ભક્તિ રાખવી

૩૯ અન્ય ભાષા અભ્યાસિત જૈનોએ પણ સત્ય ધર્મનુ વારવાર સ્મરણ કરતા રહેવુ, તેથી અન્ય ભાષા પ્રેરિત "અત કરણ" આ ધર્મનુ સ્મરણ કરતા અનીતિને દૂર કરવા તત્પર થાય છે

૪૦ જૈન બાળકોએ કુગુરૂની સંગતિ કરવી નહીં.

૪૧ જૈન જુવાન છોકરાઓ કે જે ઇંગ્લીશ વગેરે અભ્યાસ કરતા હોય, તેઓએ ધર્મ થકી વિરૂધ્ધ ચાલવું નહીં.

૪૨ જૈન ધર્મમાં દઢ શ્રદ્ધા રાખી અભ્યાસ કરે છે તે અંતે ફતેહ પામે છે.

૪૩ ધર્મની નીતિ રીતિથી કદિ ભ્રષ્ટ થવું નહિં.

૪૪ જૈન છોકરાઓએ નકામો ખર્ચ કરવો નહિં, નકામા પૈસા ખરચવા તે મૂર્ખનું કામ છે.

૪૫ જૈન છોકરાઓએ ઘણાં મેલાં વસ્ત્ર પહેરવાં નહિ, કારણ મેલમાં જીવો ઉત્પન્ન થતાં તે હણાઇ જવાથી દોષ લાગે છે, તથા શરીર બગડે છે. માટે સાફ લૂગડાં "સ્વસ્થિતિના અનુસારે પહેરવાં"

હેદપાર ડાકડમાળ નકામો કરવો નહિ ગદકી-
વાળી જગ્યામા વસવુ નહિ

૪૬ જૈન છોકરાઓએ તળાવમાં અણુગળ પાણીમા નહાવુ નહિ પણ તરવાનુ શિક્ષણ લેવુ

૪૭ જૈનબાળકોએ ચીભડા, ફૂટય વિગેરે સબીજ ફળો ખાવા નહિ, કારણકે તે ખાધે છતે અપચા આદિ રોગો પ્રાય ઉત્પન્ન થાય છે

૪૮ જૈનબાલકોએ મૂલા, ગાજર પિડાલુ, લસણ, ડુગળી, શકરીઆ, ગાજરીયા, બટાટા, રીંગણા, વિગેરે અનતજીવસ્થાનીપદાર્થો ખાવા નહિ

જૈન બાલકોએ રાત્રીના વખતમા ખાવુ નહિ, કારણકે રાત્રી ભોજનથી અતિ દોષ લાગે છે

૫૦ પરમેશ્વરની પૂજા પ્રતિદિન પ્રેમપૂર્વક કરવી ત્યાર બાદ ભૂખની શાન્તિ માટે અન્ન ભોજન ખાવુ જે ઠેકાણે બીજાએ પેશાબ કર્યો

હોય ત્યાં પેશાબ કરવો નહિ, કારણ કે તેમ કરવાથી સમૂર્છિમ પંચેન્દ્રિય જીવની ઉત્પત્તિ થાય છે, અને દુર્ગંધ પરિવ્યાસ થવાથી જીવ હાનિ થાય છે.

૫૧. જૈન બાલકોએ જયાં કીડીઓ હોય, લીલ હોય, ત્યાં નાવું નહિ; રવિવારે, ભૌમવારે તથા મંદ વારે, હજામત કરાવવી નહિ.

૫૨. ખાતી વખતે જૈનબાલકોએ બોલવું નહિ અને ભોજન કરતાં બોલવું પડેતો પાણી પીને બોલવું જોઇએ

૫૩. ગરીબ, અંધા, લુલા, પાંગળાને, ખાવાનું આપતાં ભૂલવું નહિ. અર્થાત્ તેમને ખવરાવવું.

૫૪. જે માણુસ અન્નદાન કરેછે તે પરમ પુણ્ય પ્રભાવ પામેછે.

૫૫. માતા પિતાને ખરાબ વચન કહેવું નહિ

૫૬. જેટલો આહાર કરવાથી સુખે કામ કરી શકાય તેટલો પદાર્થ ભોજનમા વાપરવો.

૫૭ ભોજનપાત્ર હાલે નહિ તેવો સુદર બાજઠ હેઠે મૂકવો

૫૮ ક્રોધના આવેશમા ભોજન કરવુ નહિ.

૫૯ ભોજનની પહેલા પાણી પીવુ નહિ, કારણકે પથ્થર સમાન પાણી કહેલુ છે ભોજનનીમધ્યે પાણી પીવુ તે અમૃત સમાન છે. "भोजनाते विष वारि मध्ये वारिबलप्रदम्" માટે આદ્ય અન્તમા પાણી ન પીતા અર્ધભોજન થયાબાદ જલ પીવુ, તેથી શરીરની આરોગ્યતા સારી રહે છે

૬૦ બાલકોએ પેસાબ ઝાડો કરવામા વાર ન લગાડવી

૬૧ ગત્રીએ દર્પણમા મુખ જોવુ નહિ તેમ તેલમા પણ મુખ જોવુ નહિ

૬૨ ફુલની માળા ગળામાં રાખી સુંવું નહીં. કોઇ દિવસ હાનિકર નીપજે, તદ્દ સુગંધ લોભિસર્પાદિકથી પીડા થાય માટે.

૬૩ રાત્રે વહેલા સુઇ જવું. સવારમાં સૂર્યોદય પ્રાક્ (પહેલાં) ઉઠવું. શાસ્ત્રાધાર, છે કે ॥ દોહરા ॥ રાત્રે વહેલા જે સુઇ–વહેલા ઉઠે વીર; બલ બુદ્ધિ બહુ ધન વધે,સુખમાં રહે શરીર.

જૈન બાળકોએ રાત્રીએ નવ વાગતાં પહેલાં સૂવું નહિ. સુતી વખતે સાતવાર નવકાર ગણી સૂવું.

૬૫ જૈન બાલકોએ પોતાના ઘરની છાની વાતને કોઇની આગળ કહેવી નહીં.

૬૬ જૈનધર્માભિલાષિઓએ સ્વોન્નતિને માટે ધર્મ પ્રયાસ કરતા રહેવું.

૬૭ જાર કર્મ અને ચોરીથી દૂર રહેવું

કારણુ તે બે અતિ અવગુણો છે, ચોરી અને જારી જેવુ બીજુ કોઇ દુ ખદાઇ નથી

૬૮ માતા પિતા શિખામણુ આપે તો પ્રેમથી શ્રવણુ કરવી, જનની જનક સામુ ઉદ્ધતાઈનુ વેણુ વદવુ નહિ માત પિતાની નિંદા કરનાર દુ ખી થાય છે.

૬૯ ધર્મના ગુરૂ મહારાજની તો સ્વપ્નમા પણુ નિંદા ન થાય તેમ વર્તવુ. કહેવત છે કે (गुरुनिंदाकुलक्षय,) " ગુરૂની નિંદા" કુળનો ક્ષય કરે છે,

૭૦ શિક્ષક અથવા વ્યાવહારિક ઉપદેશકની પણુ ચાડી ચુગલી નિંદા ન કરવી

૭૧ ગુરૂ માત પિતાની જે નિંદા કરે છે તે અતિ દુ ખ ભોગવી જીદગી, દુ ખમા ગાળી પરભવમા નરકગામી થાય છે, અને ઉભયત્ર લોકમા અતિ આપદા ભોગવે છે.

૭૨ માણસોને નાનપણની અવસ્થા વિદ્યા ઉપાર્જન માટે છે, કારણ કે જે માણસે, પ્રથમ વયમાં વિદ્યા ધન પ્રાપ્ત કર્યું નથી તે અન્ય ત્ર-ણવયમાં શું કરનાર છે? માણસોની અવસ્થાના ચાર ભાગ–અવયવ છે. તેમાં "प्रथमे नोपार्जिता विद्या, द्वितीये नोपार्जितं धनम्, तृतयेनो पार्जिता कीर्ति, श्चतुर्थे किं करिष्यति (અર્થ જે માણસે પ્રથમ વયમાં વિદ્યા બીજી વયમાં ધન, ત્રીજી વયમાં કીર્તિ પ્રાપ્ત કરી નથી તે ચોથી અવસ્થામાં શું પ્રાપ્ત કરનાર છે, બલકે તેણે ફોગટ જન્મ ગુમાવ્યો.

૭૩ અભ્યાસ કરવામાં હિંમત હારવી નહિ, સંકટ સહન કરીને પણ વિદ્યા સંપાદન કરવી.

૭૪ સવારના પહોરમાં વહેલો ઉઠીને જે

છોકરો અભ્યાસ કરે છે તેને વિશેષ વિદ્યા આ-વડે છે

૭૫ નાના છોકરાને માબાપે ગાળો દેતાં શિખવવી નહીં ને અભ્યાસ કર્યા બાદ છોકરા ઓએ કેમ વર્તવુ તે ગુરૂશિક્ષકથી જાણી લેવુ.

૭૬ નોકરી યા વ્યાપાર વિગેરે કે જેથી પોતાનુ વૃત્તિ (ગુજરાન) ચાલે તે માફક વર્તવુ

૭૭ પોતાના ઉપરીયો તથા શેઠ રાજા સે-નાપતિ પ્રધાન વિગેરેની સાથે પ્રીતિથી વર્તવુ.

૭૮. પોતાનો નેક ટેક ઇમાનદારી જાળવ-વા હમેશ યત્ન કરવો

૭૯ સવારના પહોરમા શુદ્ધ ભક્તિથી પ-રમેશ્વરની પૂજા કરવી, અને ગુરૂ મહારાજ પાસે જઇ વ્યાખ્યાન સાભળવુ

૮૦. ગુરૂ મહારાજ જે જે ઉપદેશ આપે તેનું વારંવાર મનન કરવું અને તે પ્રમાણે વર્તવું.

૮૧ વ્યાખ્યાનાવસરે વચમાં. શંકા કરી પ્રશ્ન ન પૂછવો.

૮૨ લાંબા પગ ઘાલી, અનવસ્થિતિએ, ઊંઘતાં, અન્ય સાથે બીજી વાત કરતાં વ્યાખ્યાનમાં બેસવું નહિ.

૮૩ જીનેશ્વર ગુણુશ્રવણાવસરે કુતર્કો કરવા નહિ. અને આડુ અવળું જોવું નહિ.

૮૪ જેની નોકરી કરતા હોઇએ તેનું ભલું ઇચ્છવું.

૮૫ શસ્ત્ર, વિષનો વ્યાપાર કરવો નહિ.

૮૬ આવક જોઇ ખર્ચ કરવો, જૂગાર સટ્ટાના વેપારથી ધનવાન્ થવું નહિ.

૮૭ વ્યાપારમાં સત્ય બોલવું, સત્યથકી

વેપાર વૃદ્ધિ પામે છે અને લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે

૮૮ કૂડા તોલ માપથી વેપાર કરવો તે અવિચારતા છે તેથી સ્વહાનિ છે

૮૯ હાણુ ચોરી કરવી તે મહાપાપ છે, કપટ કરી અન્યને છેતરવો તે પણુ અતિપાપ છે.

૯૦ અન્ત્યજજાતિ તથા મછીમારાદિ હલકી વર્ણોસાથે વેપાર સબધી ધીરધાર ન કરવી

૯૧ વેશ્યા સાથે સબધ ન રાખવો અથવા "તત્સહ" વેપાર સબંધ પણુ રાખવો નહિ. કારણુ તેતો અતિ અવળુ બોલી ખોટુ આળ ચઢાવે ને કીર્તિને કલકિત કરે.

૯૨ સડેલ છોકરાઓના સોબતી થવુ' નહિ, તેના છોકરાઓ સાથે કયાય જવુ નહીં

૯૩ કીર્તિ ને કલંકિત કરનારાં શાસ્ત્ર વિરૂદ્ધ કાર્યો ન કરવાં.

૯૪ મીઠું બોલી સર્વની સાથે સમાન દૃષ્ટિએ વર્તવું.

૯૫ કાગડાઓની પેઠે સંપીને કુટુંબમાં રહેવું.

૯૬ ભારંડપક્ષીઓ માફક નિરંતર અપ્રમાદી રહેવું.

૯૭ ગજ વિદારણ સમર્થ કેસરીની માફક ધીરતા ધરિ કોઇને પૂંઠ દેખાડવી નહિ.

૯૮ સમુદ્રની પેઠે ગંભીર થવું.

૯૯ જે કર્યાથકી અવરના પ્રાણનો નાશ થાય તેમ કરવા પ્રેરણા કરવી નહિ.
" मित्र कोने कहेवाय " अने ते साथे केम वर्तवुं.

૧૦૦ ધને કરી, વ્યયે કરી, નીતિથી,

સ્વભાવથી ધર્મથી સરખા ગુણવાળો હોય તેવા મિત્રની મિત્રતા કરવી.

૧૦૧ મિત્ર એ વસ્તુ એવી છે કે આપણને દુખમા સુખી કરે તે મિત્ર

૧૦૨ આપદ્ કાલે સ્વપ્રાણ અર્પણ કરી મિત્રને દુખમાથી ઉગાર તેનુ નામ ખરો મિત્ર

૧૦૩ જ્યાસુધી કામ હોય ત્યા સુધી હાજી હાજી કરી "સ્વકાર્ય સાધન થયા બાદ સામુ પણ ન જુવે તેને મિત્ર ન સમજવો, પણ પગ્મગરજી, પવિત્ર નહિ પણ અપવિત્ર અમિત્ર

૧૦૪ જુગટીયા, ચોર, લપટીઓને મિત્ર કરવા નહિ, કારણ કે તેવાના સગે અનીતિ રંગ વધે છે

૧૦૫ જે મિત્ર થઇને આપણી ભૂલો

વિવિધ પ્રકારના વિચારોમાં પડી આડું જાય છે ને અંતે ખોટું પરિણામ ઉપજે છે.

૧૧૬ મિત્રની સાથે વાદ વિવાદ કરવો નહિ, તેથી ખેદ ઉત્પન્ન થાય છે.

૧૧૭ મૂર્ખને મતિહીન માણસ સાથે મિત્રતા સંબંધ સાંધવો નહિ.

૧૧૮ મિત્રોએ એક બીજાની પરસ્પર મશ્કરી ન કરવી.

૧૧૯ મિત્રને સંકટ સમયે તન મન ધન આપી આશ્રય આપવો તે સન્મિત્રતાઇનું લક્ષણ છે.

૧૨૦ મિત્ર સંબંધીનું અન્ય આગળ ભૂંડું ન બોલવું, મિત્ર દ્રોહ ન કરવો, વિશ્વાસ-ઘાત ન કરવો, કારણ કે તે મહાપાપનું કારણ છે શ્લોકઃ मित्रद्रोही कृतघ्नश्च, येहि विश्वासघातकाः तेनरा नरकं यांति, याव

चन्द्रदिवाकरौ ॥ ભાવાર્થ. મિત્રનો દ્રોહ કરનાર કૃતઘ્નીઓ, ને વિશ્વાસઘાતકરનારા નરો નરકમા, નિશ્ચે જાય છે તે યાવત્ ચદ્ર દિવાકર નરકમા રહે છે, પૃથ્વી મડલમા તે તાવત્ કાલ નરક નિવાસ ભોગવે છે)

૧૨૧ દૈવયોગે મિત્ર સબધમા સાધો વાધો પડે તો તુરત તેનો સમજીને અન્ત લાવવો

૧૨૨ મિત્રાએ એવી રીતે વર્તવુ કે જેથી ધર્મોન્નતિ, દેશહિત અને સુખકર આપની વૃદ્ધિ થાય, આપથી સદા વર્તવુ કલહ દૂર કરી કર્મ મેલને દૂર કરવો

૧૨૩ મિત્ર તો તેને જાણવો કે ॥ શ્લોક ॥
पापान् निवारयति योजयते हिताय, गुह्यान् निगूहति गुणान् प्रकटीकरोति

૧૨૪ મિત્ર સિવાય પાસે દિગ્મૂઢ બની

જાય છે પૂર્વકાલમાં મિત્રો એવા હતા કે તેઓ પોતાના મિત્રોનું ભલું કરવાને ચૂકતા નહિ.

૧૨૫ જૈન જુવાનિયા મિત્રોએ ધર્મની કેળવણી સારી રીતે લેવી, અને જૈનધર્મનાં પુસ્તકો જરૂર વાંચવાં. સાથે ગીતાર્થ ગુરૂ કરીને જૈન ધર્મનું જ્ઞાન લેવું.

૧૨૬. ભેગા થઇ અનવસ્થિતરીતિએ વર્તવું નહિ તેમ " હાસ્ય " બેઅદબી વચનો બોલવાં નહીં. વ્યભિચારને આદિ લઇ, અને કઅનીષ્ટ માર્ગોનો આશ્રય કરવો નહિ.

૧૨૭ વ્યભિચારથી જીવની અનેક શક્તિ ચોનો નાશ થાય છે.

જૈન માતા પિતાની વર્તણુંક.

૧૨૮ જૈન માતા પિતાએ છોકરાંને નાનપણુમાંથી સદાચાર શીખવવો.

૧૨૯ માતા પિતાએ છોકરાને બિભિત્સ શબ્દો કહી સતાવવા નહીં.

૧૩૦ પાચ વર્ષ સુધી છોકરાનુ પાલન કરવુ, દશવર્ષ સુધી તાડન વિગેરેથી તેને શિક્ષા કરવી ને સોળ વર્ષ પ્રાપ્ત થતા પુત્રને મિત્ર સમાન આચરવો ॥ શ્લોક ॥ लालयेत् पञ्च वर्षाणि, दशवर्षाणि ताडयेत्, प्राप्ते तुषोडशेवर्षे, पुत्र मित्रमिवाचरेत् ॥

૧૩૧. માતા પિતાએ નાની વયમાંથી છોકરાંને જૈન ધર્મની કેળવણી આપવી, કેટલાક ધનવાન્ માતા પિતાઓ બાલકોને ભણાવી સદ્ગુણી બનાવતા નથી, તે બાલકોના શત્રુઓ છે. જે માબાપો, છોકરાને ધર્મની કેળવણી નથી, આપતાં, તથા જૈનપાઠશાલામા અધ્યયન કરવા તેઓને નથી મોકલતાં, તે સારાં ન ગણાય, કારણ કે તેમ કરવાથી છોકરાઓ, અનીતિ માર્ગાનુગામી થાય છે ને માબાપ છોકરાના વૈરી ગણાય છે

૧૩૨ એકલું ગુજરાતી તથા ઇંગ્લિશ ભાષાનું જ્ઞાન છોકરાંઓને આપવાથી ઉત્તરકાલમાં છોકરાઓને ધર્મ ઊપર શ્રદ્ધા રહેતી નથી અને મિથ્યાત્વી બની જાય છે, તેથી ધર્મોન્નતિકર ન થતાં ધર્મહીન બની જાય છે. માટે અન્ય ભાષા ભણતાં પણ ધર્મ કેળવણીની પ્રથમ જરૂર છે.

૧૩૩ હાલના વખતમાં ઇંગ્લિશ વિદ્યા જુવાન છોકરાઓના કોમળ હૃદયપંકજમાં નિવાસિભૂત થયેલી વિશેષ જણાય છે તે "ભાષા" સ્વગુણ ગંધ ફેલાવી અધર્મ સાગાનુગામી કરવાને ધર્મ ધારણા ખંસાવી નાંખે છે માટે તે સાથે અવશ્ય ધર્મવિદ્યાનું જ્ઞાન છોકરાંઓને ખાસ આપવું.

૧૩૪ સારમાં સાર, ધનમાં ધન, નીતિમાં નીતિ, પ્રિયમાં પ્રિય, સત્યમાં સત્ય, એક ધર્મ જ છે, સાંસારિક વસ્તુઓ ક્ષણિક છે, ધર્મ

અક્ષય ને શાશ્વત છે, તેવી માતપિતાઓએ બાલકોને તે જ્ઞાન સર્વદા આપવુ

૧૩૫ મરણુ શરણુ થતા પણ ધર્મ, સહાયી બની રક્ષણ કરે છે ઉપાર્જીતધનો, ભૂમિના આશ્રિત બને છે, પશુઓ ગોષ્ઠરગમા રહી જાય છે

૧૩૬ જ્ઞાનથી સત્ય જણાય છે, ભક્ષ્ય અભક્ષ્ય વસ્તુનુ જ્ઞાન થતા અભક્ષ્યનો ત્યાગ થાય છે, તે જ્ઞાનનો પ્રતાપ છે

૧૩૭ નાની વયમાથી છોકરાઓને તથા છોકરીઓને પરણાવવા નહિ શાસ્ત્રોક્ત વિવાહ કાલે તેઓનો શુભ લગ્ન કરવા—અર્થાત્ બાળ લગ્નનો કુરીવાજ દૂર કરવો

૧૩૮ જે જૈનમાબાપો, પોતાના છોકરાઓના દુર્ગુણો ટાળતાં નથી અને સારી કેળવણી આપતા નથી તે સારૂ કરતા નથી

૧૩૯ નાનપણમાથી છોકરાને અસત્ય

બોલતાં તથા ચોરી જારી કરતાં, વ્યસન કરતાં અટકાવવાં અને સારૂં શિક્ષણ આપી સત્ય માર્ગે દોરવાં, તેથી પરિણામ સારૂં પ્રાપ્ત થાય છે.

૧૪૦ સ્ત્રીને ખરાબ વચનો અને ગાળ વિગેરેથી દુભવવી નહીં.

૧૪૧ ઉત્તમ પુરૂષે સૂર્યાસ્ત બાદ ખાવું નહિ, નગ્ન સુવું નહિ, અનવસ્થિત ન રહેવું તેમ એંઠા મુખે પ્રયાણ ન કરવું.

૧૪૨ વેશ્યાદિ નટખટોની નિર્લજ નફ્ટોની સંગત ન કરવી તથા તે વસતાં હોય તે જગાએ વસવું પણ નહિ અને બન્ને હાથથી મસ્તક ખણવું નહિ.

૧૪૩ સાંસારિકસ્ત્રીસંગ કર્યા બાદ, (ઉલટી) વમન થયા બાદ, ચિતાના ધુમાડાનો સ્પર્શ થયા બાદ, તથા અસ્પર્શ્યનો સ્પર્શ થયા

બાદ, તુરત શ્રાવકોએ અશુચિના નિવારણુમાટે અવશ્ય સ્નાન કરવુ.

૧૪૪ જે કાર્ય ધર્મ, રાજ્ય, લોક, વ્યવહારથી, વિરૂદ્ધ હોય તે સજ્જને કરવુ નહિ.

૧૪૫ ભોજનાવસરે ગુર્વાદિ અતિથિઓની ગહે જોઇ દાન દઇ ભોજન કરવુ.

૧૪૬ 'વ્યાખ્યાનાવસરે' ગુરૂ મહારાજની સેવા સાથે પ્રીતિભગ્થી વ્યાખ્યાન સાભળવુ

૧૪૭ તીર્થંકર મહારાજની પરમપ્રીતિ સપાદનાર્થે-અષ્ટપ્રકારી, બારપ્રકારી, સત્તરભેદી એકવીશપ્રકાની પૂજાઓ ભણાવવી

૧૪૮ ચૈત્યવદન કરવા જતા "દેગમરમા" "સફળ હસ્તે" જવુ અફળ હાથે જવુ નહિ, શાસ્ત્રોક્તવિધિ પ્રમાણે દેગમર જવાની રીત રાખવી.

૧૪૯ શત્રુજય, ગિરનાર, આબુ, સમેત

શિખર, કેશરિઆજી, તારંગાજી મલ્લિનાથ આદિ મહુડી તીર્થોની યાત્રા દર્શનાર્થે અવશ્ય જવું.

૧૫૦ જન્મારભ્ય વર્તમાન કાલ સુધીમાં જેણે સિદ્ધાચળની યાત્રા કરી નથી તે માતાના ગર્ભમાંજ છે તેમ જાણવું.

૧૫૧ આપણા બાપ દાદાએ સિદ્ધાચલાદિ તીર્થક્ષેત્રે લાખો રૂપૈયા ખર્ચ્યા છે તો આપણે પણ યથાશક્તિ ખર્ચ કરવો.

૧૫૨ સામાયિક, પ્રતિક્રમણ, પોસહ વિગેરે ધર્મ કરણી કરવા ચૂકવું નહિ.

૧૫૩ પ્રભુની પ્રતિમાની પ્રભુ બુદ્ધિથી પૂજા કરવી.

૧૫૪ કજીઓ કરી રાજ્ય દરબારે જવું નહિ, કારણ કે **જે જાય દરબાર તેનું જાય ઘરબાર.**

૧૫૫ પારકી સ્ત્રી સાથે વાતચિત તથા ઠઠ્ઠા મશ્કરી કરવી નહિ.

૧૫૬ કોઇને કટુ વચન બોલવુ નહિ.

૧૫૭ જોગી જતી સાથે વેર બાંધવું નહિ

૧૫૮ નાના છોકરાનુ પણ હિત વાક્ય ગણકારવુ.

૧૫૯ અગ્નિ, પાણી, સ્ત્રી, મૂર્ખ અને સર્પ, એ તથા રાજકુળ યત્ન કરી સેવવુ

૧૬૦ અવિવેકી ઘરડો હોય તો પણ બાલક જાણવો અને બાલક જ્ઞાની હોય તોપણ વૃદ્ધ જાણવો

૧૬૧ અહર્નિશ ઉદ્યમ કરવાથી કાર્ય સિદ્ધિ થાય છે. વિવિધ વિચારો કરવાથી મનનો ધારેલ વિચાર પાર પડતો નથી

શ્લોક

उद्यमेन हि सिद्ध्यन्ति, कार्याणि न मनोरथै
अनुयोगेन तैलानि, तिलेभ्यो नाप्नुवन्तिहि॥

ઉદ્યમ કરવાથી કાર્યો સિદ્ધ થાય છે પણ

મનોરથ કરવાથી કાર્યો સિદ્ધ થતાં નથી-જેમ ઉદ્યોગ વિના તલથકી પણ તેલ પ્રાપ્ત થતું નથી. તેમજ.

૧૬૨ શરીર નાશવંત છે, વૈભવ શાશ્વતો નથી. મૃત્યુ સામે તાકી રહ્યું છે. માટે ધર્મનો સંગ્રહ કરવો.

૧૬૩ બાલક, સ્ત્રી, રાજા, અને યોગીની હઠ, દુઃખે કરી મૂકાય છે.

૧૬૪ વિદ્યાર્થી, ધનાર્થી, અને સ્ત્રીના અર્થીએ આલસ્ય યુક્ત થવું નહિ.

૧૬૫ ઘણું ખાનારાને, ચિંતા રહિતને, અતિ ચાલતારને "સુખે" તુરત નિદ્રા આવેછે.

૧૬૬ વનમાં, રણમાં, શત્રુઓમાં, જલમાં, અગ્નિમાં સુતો હોય વા જાગતો હોય તોપણ તેને તેટલે ઠેકાણે પુણ્ય રક્ષેછે.

૧૬૭ પૃથ્વી ઉપર પાણી પવિત્ર છે, પતિ-

વૃતા સતી પવિત્ર છે, અને બ્રહ્મચારી તો સદાય પવિત્ર છે.

૧૬૮ પોતાના મુખે પોતાના ગુણો વખાણવા તે સુખકારી નથી, બીજા માણસો વખાણે તે ઠીક છે

૧૬૯ ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ, આ ચારનુ અનુક્રમે સાધન કરવુ. એ સાધનથી શિવપદ જતા વાર લાગતી નથી.

૧૭૦ કર્મ બીજ નાશ પામ્યાથી જીવ, શિવપદ પામે છે.

૧૭૧ આ અસાર સ સારમા સારભૂત જિનેશ્વરપ્રણીત જૈનધર્મ છે જયા સુધી માણસ ધર્મ કરતો નથી, તાવત્ કાલસુધી ગમે તેવો તે હોય પણ તે અક્ષય સુખસ પદ પામતો નથી.

૧૭૨ તીર્થંકરાદિ શિવપદવાસી જ્ઞાનીઓએ આ સ સાર તજી દીધો છે, મરણાવસરે સાંસારિક ક્ષણિક, વસ્તુ સ્વસાથે થતી નથી પણ સ્વસાથે

પુણ્ય પાપ થાયછે, આપણે લાખો ભવમાં મા બાપો અન્ય અન્ય કર્યાં છતાં તે માબાપો- એ મરણનું ભયંકર દુઃખ ચરણુ તલે ન દબાવી રાખ્યું. પોતાનો રક્ષક ધર્મજ છે, એ નિશ્ચય છે. તેમાં સંશય નથી. તો ખાસ ધર્મમાં દૃઢ ભક્તિ રાખવી. જ્યાં સુધી ધર્મનું જ્ઞાન મેળવ્યું નથી, ત્યાં સુધી જીવતર નકામું જાણવું માટે દૃઢ શ્રદ્ધાપૂર્વક શ્રીજૈનધર્મ પાળવા ચૂકવું નહિ.

૧૭૩ ધર્મ દૃઢતા, અનિવાર્ય સુખ આપે છે.

૧૭૪ બ્રહ્મચર્ય પાળવાથી શરીરની આરોગ્યતા, પુષ્ટિ વધે છે.

૧૭૫ છોકરો અઢાર વર્ષ ઉપરનો થાય અને છોકરી સોળ વર્ષ ઉપરાંતની થાય ત્યારબાદ માબાપે તેઓનાં લગ્ન કરવાં.

૧૭૬ જે માત પિતા, બાલકોને નાની વય-

મા વિદ્યાશિક્ષણ નથી દેતા તેઓ છોકરાના શત્રુરૂપ ગણાય છે શાસ્ત્રાધાર છે કે–

॥ श्लोक ॥

माता शत्रु पिता वैरी । येन बालो न पाठित ॥
न शोभते सभामध्ये । हंसमध्ये बको यथा ॥

જે માબાપ, છોકરાઓને ધર્માદિ કેળવણી સાથે વિદ્યા નથી ભણાવતા તે માબાપ છોકરાને માટે વૈરી ગણાય છે અને તે અભણ રહેલો છોકરો સભામા શોભતો નથી જેમ હંસના ટોળામા બક ન શોભે તેમ વિદ્વાન્‌ની સભામા તે શોભતો નથી, માટે બાલકોને અવસ્ય સારી કેળવણી આપવી

૧૭૭ જે માતા પિતાઓ પોતાના છોકરાને જૂઠુ બોલતા તથા ચૌર્યાદિ કાર્ય કરતા પણ અટકાવતા નથી, તેઓ બાલકોને દુરાચરણ શી-

આવે છે. તેમ કહેવા બીલકુલ વાંધો નથી. માટે તેમ કરતાં અટકાવવાં તે સર્વદા શ્રેયસ્કર છે.

૧૭૮ માતા પિતાઓની એજ ફરજ છે કે બાલકને સારા સદ્ગુણો શિખવવા, વિદ્યાભ્યાસ સારો કરાવવો ને આનંદથી તેમનું ભરણ-પોષણ કરવું.

૧૭૯ પોતાનાં છોકરાં મિથ્યાત્વીઓના ફંદામાં ન ફસાય તેવી ચેતવણી રાખવી.

૧૮૦ માર્ગમાં ચાલતાં ચાલતાં ખરાબ ને અઘટિત, ચેષ્ટાઓ ન કરવી; સિદ્ધે રસ્તે, સમાન દૃષ્ટિએ વિચરવું, પરપ્રેમદાપર વિકારયુક્ત લોચને ન જોવું.

૧૮૧ પોતાનાં છોકરાંને સુવર્ણાદિ ઘરેણાં પહેરાવ્યા કરતાં વિદ્યાઅલંકાર "આભૂષણ' "વધારે પહેરાવવાં." કારણ" "विद्यासमं नास्ति शरीरभूषणम् ॥." વિદ્યા સમાન અન્ય શરીર ભૂષણ છેજ નહિ.વળી ગમે તેટલાં ઘરેણાં,

તથા મોતીની માળાઓ પહેરે પણ સદ્ગુણથી વિયુક્ત અર્થાત્ વિદ્યા ન હોય તો તે શોભે નહિ વિદ્યાદિ ગુણો જ્યા સુધી પ્રાપ્ત નથી કર્યો ત્યા સુધી, રૂપાદિ ગુણો શા કામના છે ? માટે સર્વોત્કૃષ્ટતામા વધારે, સદ્ગુણાભૂષણ વિદ્યાજ છે. કારણ આભૂષણો ક્ષીણ છે ને વિદ્યા ભૂષણ સર્વદા અક્ષય છે

૧૮૨ પડિતોની સભામા મૂર્ખાઓએ મૌન ધારણ કરવુ.

૧૮૩ દરેક કાર્ય વિચારીને કરવુ અવિચારી કામ કરનારને આપદાઓ પરાભૂત કરે છે, અને તેઓને સુખલક્ષ્મી મળતી નથી. માટે સર્વથા વિચારીને કામ કરવુ તેમ ન કરનારને વિમાસવુ પડે છે " કારણ કે " सहसा विदधीत न क्रिया, अविवेक परमापदापदम् ॥ वृणुते हि विमृश्यकारिण, गुण लुब्धा स्वयमेव सम्पद ॥

અર્થ સહસા (અકસ્માત) ઉતાવળે વિ-

ચાર્યા વગર કામ ન કરવું તેમ કરવાથી અવિવેક થાય, ને અવિવેકથી આપદાઓ પ્રાપ્ત થાય છે. વિચારીને કામ કરનાર પુરૂષને ગુણમાં લોભીત થએલી એવી "લક્ષ્મીઓ" પોતાની મેળે વરે છે. તો સર્વદા કામ કરવું તે વિચારીનેજ કરવું.

૧૮૪ ધર્મ કાર્ય, કરતી વખતે બુદ્ધિમાન પુરૂષોની તથા ધર્મોપદેશકોની સહાય અવશ્ય લેવી. ધર્મ ગુરૂની સહાય અવશ્ય લેવી. ધર્મ ગુરૂની ખરા પ્રેમે વૈઆવચ્ચ (સેવા) કરવી.

૧૮૫ જેઓ ઉદ્ધતપણું રાખી નિરંતર નીતિને અનુસરી વરતતા નથી, તે અતિ દુઃખ ભોગવે છે.

૧૮૬ ઇંદ્રિયાશ્વો, વશમાં રાખવા, તેમ કરવાથી અતિસુખ સંપદા મળે છે.

૧૮૭ સ્વેચ્છાચારી અનીતિ માર્ગાનુગામી વિચારોને,પ્રતિદિન વિનાશ કરવા ઉત્સુક રહેવું

અર્થાત્ મનમા ઉત્પન્ન થતા અનેક કુવિકારો ટાળવા પ્રયત્ન કરવો.

૧૮૮ જે દુરાચારી,વ્યભિચારી તથા કંજુસ હોય તેનુ જીવન આ લોકમા છે છતા તે મરણ તુલ્યજ ગણાય છે, કારણ કે મનુષ્ય જન્મ પામી કેવળ ભવ, ફોગટ ગાળી કંઇપણ સાર્થક ન કર્યું અને નરકદ્વારપથને આશ્રિત બન્યો ધિક્ છે તેના અનીતિ પથ વિચારને ! ! ધિક્ તેની મતિને, પૃથ્વી વલયમા જેની સારી કીર્તિ છે " कीर्त्तियस्य सजीवति" જેની કીર્તિ છે તે મુઓ છતા જીવતોજ છે. માટે સદાકાલ સારી કીર્ત્તિને પ્રાપ્ત કરવા ઉત્સાહી થવુ.

૧૮૯ સારા આચારની રીતિ ગ્રહણ કરવી

૧૯૦ દેવાદાર થઇને ખર્ચ ન કરવુ

૧૯૧ પૈસા નકામી બાબતમા ઉડાવી ન દેવા

૧૯૨ નાત વરા નહિ કરતા તેવી રકમો

જ્ઞાનોદ્ધાર, નિરાશ્રિત શ્રાવક વગેરે કાર્યમાં વાપરવી.

૧૯૩ ઉઝમણા વખતે કેટલાક શ્રાવકો, પાંચસેં પાંચસેં હજારો હજારો રૂપિઆના છોડ ભરાવી ઠામઠામ ઉઝમણું કરે છે પણ પુસ્તકો પાંચ કે પંદર રૂપિઆનાં લાવે છે. આશ્ચર્યની વાત ! "જ્ઞાનાધારે" સૌકોઇ કામ બને છે તે જ્ઞાનનું તો ઠેકાણું નહિ ને અન્ય ઠાઠમાઠ !! પણ ખાસ સમજવું કે જ્ઞાનમાં વધારે ખર્ચ કરી પાંચસે રૂપિઆનું પુસ્તક લાવી મૂકવું ને તેથી વધારે ઉત્સુકતા માટે છોડો પણ સારા ભરાવવા. કારણ કે છોડ તે જ્ઞાનભકિતના માટે છે. ઉજમણું તો જ્ઞાનાદિનું છે.

૧૯૪ પૈસાદાર, પોતાની કીર્ત્તિ મેળવવા માટે બીજાં દેરાસરો છતાં પણ નવીન દેરાસર બંધાવે છે પણ શત્રુંજયાદિ જીર્ણ તીર્થોની સં-

ભાળ ન લે તે કેટલુ બધુ અકથનીય ! જીર્ણો-દ્ધાર કરવામા કેટલુ બધુ ઉગ્ર પુણ્ય છે, તે ધ્યાનમા રાખવુ.

૧૯૫ સદ્‌ગૃહસ્થશ્રાવકોએ યાદ રાખવુ કે પોતાના સાધર્મી ભાઈઓને યથાશક્તિ તન મન ધન અર્પી મદદ કરવી જોઈએ શાસ્ત્રમા સ્વધર્મીઓના સગપણ જેવુ અન્ય સગપણ નથી, માટે ગરીબ શ્રાવકોના બાલકોને ભણા-વવા લક્ષ દેવુ

૧૯૬ પૈસાદાર શ્રાવકોએ જ્યા સુધી, શ્રાવકોના છોકરા નોકરી કરનાર હોય ત્યા સુધી અન્ય ધર્મીઓને રાખવા તે વિચારવા જેવુ છે કારણ કે શ્રાવકના ઘરમા પૈસા જશે તો દેવગુરૂ ધર્મના કામમા કોઈ કાળે વપરાશે, તેથી આપ-ણને મોટો લાભ થશે.

૧૯૭ શ્રાવક ભાઈઓએ કે જેઓ બીજા શેઠની નોકરી કરતા હોય, તેઓએ પ્રમાણિક-

વિના નકામું રાત્રીએ અન્ય સ્થળે રખડવું નહિ. સ્વકીર્ત્તિને જાળવવા યત્ન કરવો.

૨૦૨. રાત્રે સૂઇ રહેતી વખતે પૂર્વતરફ મસ્તક કરી સુઇ રહેવું, તથા દક્ષિણ દિશા તરફ મસ્તક કરી સુઇ રહેવું.

૨૦૩. ભોજન કરતાં પૂર્વ દિશા તથા ઉત્તર દિશા સન્મુખ મુખ કરીને ભોજન કરવું.

૨૦૪ ચોથ, નોમને ચૌદશ એ તિથિના દિવસે, ગામ ન જવું.

૨૦૫. સંધ્યા સમયે રોવું નહિ, તેમ અન્ય કાર્ય પણ તજવું ને પ્રભુ દર્શન કરવાં, તથા પ્રતિક્રમણાદિ ધર્મકાર્યો કરવાં.

૨૦૬. ઉદ્યમ સમાન બીજો બંધુ નથી.માટે સદાકાળ ઉદ્યમ કરવો, અદૃષ્ટાધીન થઇ ન બેશી રહેવું, શરીરમાં આળસ છે તે એક મોટો શત્રુ છે.

श्लोक.

आलस्यं हि मनुष्याणां, शरीरस्थो महारिपुः।
नास्त्युद्यमः समो बन्धुः कृत्वार्यंनावसीदति ॥

મનુષ્યોના શરીરમા રહેલુ આળસ "મહા-રિપુ છે" અને ઉદ્યમ સમાન અવર બન્ધુ નથી, માટે ઉદ્યમને આશ્રયી જે થાય છે, તે કોઇ દિવસ પરાભૂત થતો નથી

૨૦૭ જગતનેવિષે જીવદયા સમાન ધર્મ નથી सर्वभूतदयाधर्म अहिंसा परमोधर्म ।

૨૦૮ સસારમા સતોષ સમાન પરમ ઉત્કૃષ્ટ કોઇ વ્રત નથી. सतोष परमसुखम्

૨૦૯ સત્ય વચન ઉપરાન્ત બીજુ કોઇ પવિત્રપણુ નથી.

૨૧૦ આભૂષણો ઘણા છે પણ શીયળ તુલ્ય એ કે આભૂષણ નથી

૨૧૧ મનનો મેલ મૂકવો તે શુચિ (સ્નાન)

૨૧૨ અભયદાન સમાન ઉત્કૃષ્ટ દાન નથી

૨૧૩ જેનાથી તત્વ માર્ગ જણાય તે જ્ઞાન કહેવાય.

૨૧૪ જેથી માઠી વિષય તૃષ્ણા મટે તે ધ્યાન કહીએ.

૨૧૫ ચંદન તથા ચંદ્રમા શીતળ છે પણ સાધુજનની સંગતિ, તે સર્વથકી પણ મહા શીતળ છે.

૨૧૬ ચંદ્ર, સૂર્ય અંધકારના નાશ કરવાવાળા છે, પણ સર્વથા અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરનાર ઉત્કૃષ્ટ ધર્મ દાતા ગુરૂ મહારાજછે.

૨૧૭ ગુરૂ મહારાજ ધર્મનો ફેલાવો કરનાર છે,માટે યથાશક્તિ ગુરૂની વૈયાવચ્ચ કરવી.

૨૧૮ કુલનેવિષે એક સુપુત્ર હોય તે દીપક સમાન જાણવો.

૨૧૯ કુલનેવિષે એક કુપુત્ર હોય તો આખા કુટુંબને કલંક ખાંપણ લગાડનાર જાણવો.

૨૨૦ ગાડાથકી પાંચ હાથ વેગળા રહેવું; ઘોડાથકી દશ હાથ વેગળા રહેવું, હાથીથકી

ઓ હાથ વેગળા રહેવુ પણ દુર્જનથી તો દેશ તજવો

૨૨૧ અતિલોભ તે પાપનુ મૂળ જાણવુ.

૨૨૨ કરેલા કર્મ ભોગવ્યાવિના છૂટકો નથી

૨૨૩ જેમ ગામ વિના સીમ કયાથી હોય? સ્ત્રી વિના પુત્ર કયાથી હોય? બુદ્ધિવિના વિદ્યા કયાથી હોય? તેમ ધર્મવિના મોક્ષના સુખ કયાથી હોય?

૨૨૪ રાજ્યને અંતે નરક ગ્હેવી છે, માટે રાજ્ય પામીને ધર્મ કરણી કરવી

૨૨૫ હસતા રમતા કરતા પ્રાણી ચીકણા કર્મ બાધે છે પણ જે વખતે તે કર્મ ઉદયમા આવે છે ત્યારે ભોગવ્યા વિના છૂટકો થતો નથી માટે કર્મ બાધના સમયે ચેતતા રહેવુ.

૨૨૬ ઉત્તમ કુલ તથા નીચકુલ તે આ-ચારથી જણાય છે.

૨૨૭ દેશી તથા પરદેશી, સ્વસ્વ ભાષાથી જણાય છે.

૨૨૮ કુરૂપી છતાં પણ વિદ્યા હોય તો ઉત્કૃષ્ટ જાણવો.

૨૨૯ સ્ત્રીનું રૂપ પ્રતિવ્રતાથી જાણવું.

૨૩૦ તપસ્વીનું રૂપ ક્ષમા જાણવી.

૨૩૧ ઉદ્યમથી દારિદ્રય નાશ પામે છે, તપથી પાતક નાશ પામે છે. માન કર્યાથી ક્લેશ થાય છે અને લઘુતાથી કલેશ નાશ પામે છે, અને જાગ્રત રહેવાથી ભય નાશ પામે છે.

૨૩૨ દાન પ્રમુખ જે દેવું તે પોતાના હાથે દેવું. ભોજન કરણી કરવી તે માતાના હાથે કરવી, તિલક કરાવવું, તે બ્રાહ્મણના હાથે કરાવવું ને તેલમર્દન પારકે હાથે કરાવવું. એવું નીતિ વચન છે.

૨૩૩ સો પુરૂષમાં શૂરવીર કોઇકજ પામીયે,

હજાર પુરૂષમા પંડિત કોઇકજ પામીયે, પણ હજાર લાખો પુરૂષોમા દાક્તાર જવલેજ પામીયે.

૨૩૪ રણસંગ્રામ જીતે તે શૂરવીર ન જાણવો, ધન પ્રમુખ આપે તે દાતાર ન જાણવો, વચન સારા બોલે તેને વાચાલ ન જાણવો. ઘણા શાસ્ત્રો ભણ્યો તેને પંડિત ન જાણવો, કેમ કે તો જેણે પાચ ઇંદ્રિયોના વિષયો જીત્યા તેણે સર્વે કર્યું જાણવુ, તે વિનાના પંડિત દાતાર વિગેરે કહેવા માત્ર જાણવા

૨૩૫ ધર્મની કરણી કરે તે પંડિત છે જે સત્ય વચન બોલે છે, તે વાચાલ છે, તથા જે માગતા જીવને ઉગારે છે, તે દાતાર જાણવો.

૨૩૬ જે પ્રાણી, કાર્યવિના પારકા ઘરને વિષે જાય તે અવસ્ય લઘુતાને પામે છે જેમ સૂર્યના ઘરમા દિવસે ચંદ્રમા આવે છે તેથી તે લઘુતાને પામે છે, તેમ.

૨૩૭ કુસંગની સંગતથકી ઉત્તમ પ્રા-

ણીને પણ મહાકષ્ટ ઉપજે છે. જેમ ગાયે ગધેડાની એક રાત સંગતિ કરી તો તેથી ગાયને ગલે ડેરો પડયો તેમ.

૨૩૮ બીજે સ્થાનકે કરેલું પાપ સહેલથી છૂટે છે પણ ધર્મસ્થાનકે પાપ કર્મ કરેલું હોય છે તે બળાત્કારે પણ છૂટતું નથી.

૨૩૯ પર જીવને ઉપગાર કરીએ તે ઉપરાંત પુણ્ય નથી, ને પર જીવને પીડા ઉપજાવીએ તે સમાન પાપ નથી.

૨૪૦ ઔષધ, મંત્ર, યંત્ર, નક્ષત્ર તથા ગ્રહ દેવતા એટલાં વાનાં ભાગ્ય હોય ત્યાં સુધી સવળાં પડે છે અને ભાગ્યદશા વાંકી હોય છે તે વારે સર્વે વાકાં પડે છે.

૨૪૧ રાજા, અગ્નિ, ગુરૂ તથા સ્ત્રી એટલાં જણાનો અત્યંત સંગ કરતાં વિનાશ ઉપજે છે, પ્રમાદપણું આદિ કારણથી.

૨૪૨ ચંદ્રમાથકી જેમ તાપ નાશ પામે

છે, કલ્પવૃક્ષથી જેમ દીનતાપણુ નાશ પામે છે, તેમ સાધુના સમાગમથી સર્વે પાપ નાશ પામે છે.

૨૮૩ સાધુનું દર્શન પુણ્ય હોય તો પામીયે, સાધુ તે સાક્ષાત્ તીર્થ સમાન છે.

૨૮૪ તીર્થ તો કોઈક અવસરે ફલને આપે છે ને સાધુ જનની સેવા તો તતકાલ ફલને આપે છે

૨૮૫ જે જનની શુભ વાત ચાલતી હોય ત્યાં [illegible] નહીં.

૨૮૬ [illegible] શ્રેષ્ઠ ભાવના ગુણના [illegible] [illegible] પાપનાં [illegible] છે, [illegible] છે એમ [illegible] [illegible] છે તે [illegible]

[illegible]

રાખવું નહીં. સૂતાં કપાલે તીલક રાખવું નહીં અને પુષ્પની માલા પણ રાખવી નહીં.

૨૪૮ સૂતાં મુખમાં તંબોલ રાખતાં વિદ્યા આવડે નહીં, મસ્તકે તિલક રાખતાં આયુષ્ય ઘટે છે, અને ફુલની માલા રાખતાં સર્પ ડંખ દે છે. વળી, પુરૂષ, સ્રીની એક સય્યાએ સુવેતો બલ નાશ પામે છે.

૨૪૯ સ્રીનું દર્શન દેખતાંજ પ્રાણીનું ચિત્ત હરી લે છે, સ્રીના અંગનો સ્પર્શ કરતાં બલ નાશ પામે છે. સ્રીનો સંગ કરતાં વીર્ય નાશ પામે છે. તે માટે સ્રીને જગત્માં રાક્ષસી સમાન જાણવી. (અપેક્ષાએ).

૨૫૦ કુવાનું પાણી, તથા વડની છાયા, તથા સ્રીના પયોધર એ ત્રણ વસ્તુ શીત કાલે ઉષ્ણ જાણવી, અને ઉષ્ણકાલે શીત જાણવી.

૨૫૧ પંડિતને પણ આધાર જોઈયે. સ્રીને તથા વેલડીને પણ આધાર જોઇયે. જાણો કે

મણિરત્ન બહુમૂલ્ય છે તો પણ સુવર્ણમાં
મઢવા થકી શોભાને પામે છે.

૨૫૨ ઈંદ્રાણીઓના સરખી રૂપની ધર
નારી હજારો સ્ત્રીઓવાળો એવો ચક્રવર્તી પણ
આયુષ્ય ખુટે મરણ પામે છે જેમ વાયુના
ઝોકાથી દીપક ઓલવાઈ જાય તેમ

૨૫૩ રત્ન પામ્યાનું ફળ શું? જે સ-
ઘળે આ[illegible] ગણીયું ફળ શું? કે જે
[illegible] સર્વ પાળે. વિદ્યા પામ્યાનું ફળ શું? તો
[illegible] માર્ગમાં રહે, ધન પામ્યાનું ફળ શું? કે
ઉપકાર કરે.

૨૫૪ જેના મુખની વાણી મીઠાશવાળી
છે વળી, જેના હાથમાં શ્રી ઉદારતા હોય
છે, વળી જેની લક્ષ્મી દાનપુણ્યને વિષે વપરાય
છે તેજ પુરુષ; ઉત્તમ તેને જાણવું.

૨૫૫ પુરુષ અનેક જનના [illegible] કરે તો
[illegible]

જવું. જેમ સમુદ્રના મથવા થકી કૃષ્ણ,લક્ષ્મીને પામ્યા અને મહાદેવ, ઝેર પામ્યા.

૨૫૬ રાંક પ્રાણીના ઘરમાં વસવું ભલું, પર્વતથકી પડતું મૂકીને મરવું ભલું, પારકા ઘરમાં દાસપણું કરવું, બંદીખાનામાં પડવું, પરદેશમાં જવું, નરકમાં પડવું, તે ભલું, પણ શોક્ય સંબંધ તેથી વિશેષ દુઃખદાઇ જાણવો. પૃથ્વીમાં એવો કોઇ ઉપગારી નથી કે પૃથ્વી તલનેવિષે જેહથી સંસારનાં દુઃખનો પાર પામીયે. સંસારનો પાર તે ગુરૂની ધર્મ દેશના થકીજ પામીએ.

૨૫૭ જેવો અવસર દેખે તેવું વચન બોલે, ઘરનેવિષે સારો ભાવ રાખે, વળી જેનું વચન સાંભળીને હર્ષ ઉપજે અને જેવી શક્તિ હોય તેવો કોપ કરે, એટલી વસ્તુ જાણે તેને પંડિત જાણવો.

૨૫૮ સંસારમાં એવું કોઇનું કુલ નથી કે

૨૬૨ નદીનો, નખવાળાજનાવરનો, શીંગડાવાલા જનાવરનો, શસ્ત્રનો, પાણીના તથા અગ્નિનો, એટલાનો વિશ્વાસ કદી પણ કરવો નહિ અને જે એટલાનો વિશ્વાસ કરે તે કોઇ કાળે અવશ્ય મરણ પામે છે.

૨૬૩ જે મુનિના હૃદયથી કષાય વિચ્છેદ ગયા નથી અને જે પોતાનું મન વશ કરી રાખતા નથી, સંસાર પર વૈરાગ્ય રાખતા નથી, વળી પંચેન્દ્રિયોના વિષયને વશ કરી રાખતા નથી, તો તેનું મુનિપણું તે આજીવિકા સમાન જાણવું.

૨૬૪ જે પ્રાણી બ્રહ્મહત્યા કરે છે, દારૂ પીએ છે, ચોરી કરે છે, ગુરૂની સ્ત્રીની સાથે ગમન કરે છે, એટલાં વાનાં જે પ્રાણી કરે છે તે મહા પાપી જાણવો અને તે નરકનાં દુઃખનો અધિકારી થાય છે.

૨૬૫ લોકના અપવાદથી બીવું, વળી દીન

દુ ખીયા નરને ઉદાર કરવો, ગુણીના ગુણ જા
ણવા, સદાય મનનું ઠેકાણુ રાખવું, એ રીતે
જે પ્રવર્તે છે તે ભાગ્યવાળો પુરૂષ જાણવો

૨૬૬ [illegible] સમાન [illegible] નથી,
દરિદ્ર સમાન કોઈ [illegible] નથી, [illegible] સમાન
કોઈ ભય નથી, અને [illegible] ઉપમાન
કોઈ દેવતા નથી

૨૬૭ પરીક્ષા કર્યો વિનાય કોઈ કામ
કરવું કરવી નહિ, જે કામ કરવું તે પરીક્ષા
કરીને કરવું, જેટલે આગ વિચારી કરવું કરીને
તો [illegible] ઉપજે, કેમકે, કે [illegible]
ને [illegible] ઉપજ્યો તેમ.

૨૬૮ [illegible] જે, [illegible]
[illegible]
[illegible]
[illegible]
૨૬૯ [illegible]

સુખનો શણગાર છે, વળી મૃદુ મીઠું વચન તે કામણ વિના વશીકરણ છે, વળી લક્ષ્મી પામવાનું કારણ પણ મૃદુવચન છે.

૨૭૦ અન્ન ખાવા યોગ્ય ખવાય છે, ફલ નથી તે વસ્તુ ફળ આપે છે, નીરસ વસ્તુ રસને આપે છે, એવી સમસ્યા જાણે તે પંડિત જાણવો.

૨૭૧ સર્વે જીવો સ્વાર્થને માટે સંસારમાં પરિભ્રમણ કરે છે, પણ લોકો, પરમાર્થપણું જાણતા નથી.

૨૭૨ જેમ ભોજન શાક સહિત શોભે છે, સ્ત્રી ઘરેણા સહિત શોભે છે, રસવતીમાંહે દહી હોય તો તે જેમ શોભે છે તેમ પંડિત મનોહર શાંત હોય તો શોભે છે.

૨૭૩ નિર્ધન પુરૂષ તથા ધનવંત પુરૂષ, રાજા તથા રાજાનો પ્રધાન, કાશદ, તથા વેસ્યા એટલા જણાં કોઈ કાલે નિશ્ચિન્ત થઈ સુવે નહિ.

૨૭૪ જુગટું રમે, પોતાની જાતિપર દ્વેષ રાખે, સોના રૂપાનો ભય રાખે, શરીરે આળસ

જાણે, વળી આવડ ખડાંની ખબર ન પડે, તો વળી કહે છે કે હું તો આવા આબુસના [illegible] હોય.

૨૩૫ [illegible]પદ, કપદ, [illegible], રીગપદ, ચિરકપદ, વિનયપદ, ગમનાપદ, ગન્ધ [illegible]પદ, એ આઠ પદના [illegible], પુરુષના [illegible] છે

૨૩૬ પ્રથમ [illegible] વિનય [illegible], વિનય [illegible] તે [illegible] છે [illegible]

૨૩૭ [illegible]

૨૩૮ [illegible]

તથા સાસરાને વિષે આડંબર હોય તો માન પામીયે, પરદેશમાં પ્રથમ આડંબર પૂજાય છે.

૨૭૯ ભાગ્યવંતને પગલે પગલે નિધાન પ્રગટે છે, મહાપુણ્યે વળી ચાર ચાર ગાઉએ રસકૂપિકા પ્રગટે, પણ ભાગ્યહીન પુરૂષને એકે વસ્તુ ના હોય, પૃથ્વી તો રત્નેકરીને ભરેલી છે.

૨૮૦ જેનું ચિત્ત સંતોષેકરીને શુદ્ધ છે, સત્યવચન બોલવાથકી વચન પણ શુદ્ધ છે બ્રહ્મચર્ય પાળવાથકી કાયા પણ જેની શુદ્ધ છે, એવો પુરૂષ જે હોય તે પવિત્ર જાણવો.

૨૮૧ સંસાર વિચિત્ર છે, જેમ સંસારમાં ભમતાં બેન હોય તે ભાર્યા થાય છે, વળી સ્ત્રી હોય તે બેન થાય છે, વળી પુત્રી હોય છે, તે માતા થાય અને માતા તે પુત્રી થાય છે, માટે સંસાર વિચિત્ર જાણવો.

૨૮૨ જે પરસ્ત્રીને માતાસમાન ગણે છે, અને પારકા ધનને પથ્થર સમાન ગણે છે, જે

પોતાના આત્મા પ્રમાણે સર્વ જીવોને ગણે છે તે
મોટા પુરૂષ જાણવા

૨૮૩ પર્વતે પર્વતે માણિક્ય હોય નહીં, ચં-
દનવૃક્ષ [illegible] ઉપર હોય છે, હાથી હાથીમાં
મોતી હોતાં નથી, પણ કોઈ હાથીમાં હોય છે,
[illegible], નહીં વનમાં ન [illegible] મલ-
[illegible]. તેમ [illegible] ઠામ ઠામ ન
[illegible].

૨૮૪ [illegible]
[illegible]
[illegible]
[illegible]

૨૮૫ [illegible]
[illegible]
[illegible]
[illegible]

૨૮૬ [illegible]
[illegible]

છે કે તે દિવસે પણ દેખતો નથી અને રાત્રે પણ દેખતો નથી.

૨૮૭ મૂર્ખ મનુષ્યને ઉપદેશ દેવો તે ક્રોધને પ્રાપ્ત કરાવે છે પણ તેથી શાન્તિ ન થાય, જેમ સર્પને જેટલું દુધ પાઇએ તે જેમ વિષની વૃદ્ધિ કરે તેમ અત્ર જાણવું.

૨૮૮ સુવર્ણ કહે છે કે મને મનુષ્યો, ટાંકણે કરીને છેદે છે, તેનું દુઃખ મ્હને નથી શાલતું તથા કસોટીએ કરી તે ઘસે છે તે દુઃખ નથી લાગતું-પણ મને લોકો, કાળ મુખવાળી ચણોઠી સંગાથે જોખે છે તે મોટું દુઃખ છે.

૨૮૯ એક હજાર મિથ્યાદ્રષ્ટિથી એક સમકિતી અને એક હજાર સમકિતીથી એકવ્રત ધારી શ્રાવક ઉત્કૃષ્ટ જાણવો

૨૯૦ જે ભવ્યો, રાત્રીનેવિષે સર્વદા ચાર આહારને વર્જે છે, તે મહાબુદ્ધિમંત જાણવા અને જે એક માસ ચોવીહાર કરે છે તો તે પંદર ઉપવાસનું ફળ પામે છે.

ખનો વાંછનાર હોય, મહારોગી હોય, અત્યંત નિંદ્રા કરતો હોય, અત્યંતવિષયનો રાગી હોય એટલા મનુષ્યો, શાસ્ત્ર ભણવાને અયોગ્ય ગણાય છે.

૨૯૬ સર્વ કારણમાં ભવિતવ્યતા પ્રબળછે. જ્યારે ભવિતવ્યતા સારી નઠારી હોય છે, ત્યારે બુદ્ધિ પણ તેવી સુજે છે, વ્યાપાર પણ જીવને તેવોજ કરવો પડે છે, સોબત પણ તેવીજ મળે છે, માટે ભવિતવ્યતા પ્રબળ છે.

૨૯૭ પ્રાણનો ત્યાગ કરવો ભલો, પણ જ્ઞાન હણાય ત્યાં બેસવું નહિ.મરણનું દુઃખ તો એક ઘડીનું છે. પણ જીવને માનભંગ તે તો મોટું દુઃખ છે.

૨૯૮ દેહનું છેદપણું, ગર્દભ ઉપર બેસવું લોકમાં અપવાદપણું, કુળને લાંછનપણું લોકમાં નિંદાવાપણું, વળી અભાગીઆપણું, એટલા વાનાં પરદારાગમનથી પ્રાપ્ત થાય છે

માટે પરાણા ગમન વર્જવુ

૨૯૯ હવે સંધ્યાકાળ સમયે ચાર વાના અવશ્ય ત્યજવા, આહાર ન કરવો, મૈથુન ન કરવું, નિદ્રા ન કરવી, અને સઝાય ધ્યાન ન કરવું, એ ચાર વાના વર્જવા, ઉપર કહેલાં ચાર વાના સંધ્યાકાળ સમયે કરે તો તેના આ આ ફલ પામે, તો જાણવું કે સંધ્યાકાલે આહાર કરે તો રોગ ઉપજે છે, મૈથુન સેવે તો માઠો ગર્ભ ઉત્પન્ન થાય છે, સંધ્યાસમયે નિદ્રા કરે તો ધનનો નાશ થાય છે, અને સઝાય ધ્યાન કરે છે તો મરણાંત કષ્ટ ઉપજે છે

૩૦૦. જિનઆજ્ઞાની ન નિંદ કરવી, શાસ્ત્ર ઉપર રાગ રાખવો, શુભ ધ્યાન કરવું, સંતોષપણું, નિરંતર[illegible], [illegible] શક્તિ અને ગુરૂની ભક્તિ એ છ ચીજો મહાપુરૂષના હેતુ સમજવાં.

૩૦૧. દેવની પૂજા, ગુરૂની સેવા, સઝાય ધ્યાન, સંયમ રાખવું, તપસ્યા કરવી. મનમાં

વિવેકપણું રાખવું, સુપાત્રમાં દાન દેવું, એટલાં વાનાં શ્રાવકને સાક્ષાત્ ઘરેણાં સમાન જાણવા.

૩૦૨. રાજ્યપદવી, સર્વ સામગ્રી, ઉત્તમ કુલે જન્મ, સારૂં શરીર, સારૂં સ્વરૂપ, પંડિતપણું, દીર્ઘાયુષ્ય, એટલી વસ્તુ, ધર્મ આરાધ્યો હોય છે તો જીવ પામે છે.

૩૦૩. જે લોકોમાં પરાક્રમ કરવા સમર્થતા હોતી નથી તેઓ એમ કહે છે કે દૈવમાં હશે તે થશે પણ તે નિરર્થક છે. "उद्योगिनं पुरुषसिंहमुपैति लक्ष्मीः" ઉદ્યોગી પુરૂષને લક્ષ્મી પ્રાપ્ત થાયછે, માટે સર્વથા ઉદ્યોગ કરવો.

૩૦૪. જે માણસ મોટા પેટવાળો હોયછે અને કોઇની વાત કોઇ આગળ કહેતો નથી તેનું માન લોકમાં વિશેષ થાય છે.

૩૦૫. બે માણસ લડતા હોય ત્યાં ઉભા રહેવાથી નુકશાન થાય છે.

૩૦૬. अर्थं साधयामि वा देहं पातयामि

॥ હરીયાલીઃ ॥

વરસેકાંબલ ભીંજે પાણી—કાંબલી કહેતાં ઇંદ્રિય વરસે, પાણી કહેતાં જીવ કરમે ભારે થાય છે. એટલે ઇંદ્રિયરૂપ કાંબલ વરસતાં જીવરૂપ પ્રાણી, કર્મજલથી ભીંજાય છે.

માંછલીએ બગ લીધો તાણી—માંછલો તે લોભ ને બગલો તે જીવ તેને સંસારમાં તાણી લીધો છે.

ઉડરે આંબા કોયલ મોરી—ઉડી કહેતા સાવધાન થાવ, આંબો કહેતાં જીવ, કોયલ કહેતાં તૃષ્ણા મોરી કહેતાં વિસ્તારી.

કલીયસીંચંતાં ફલીઅબીજોરી —કલી કહેતાં માયારૂપી કલી સીંચતાં લોભ ખેદ રૂપ બીજોરૂં વૃક્ષ ફલ્યો તે વાધ્યો.

ઢાંકણીએ કુંભારજ ઘડીયો—ઢાંકણી કહે-

કામાગ્નિ તેણે કરી જીવવિષયવલ્લી મુંજે છે. ટાઢને વિષય તૃષ્ણારૂપ જાણવી.

ખીલો હુંઝે ને ભેંસ વિલોએ—ખીલો તે જીવ, પુણ્યે કરીને હુંઝે. તેણે ભેંસ તે કાયા વિલોએ કહેતાં સુખ ભોગવે છે.

મીની બેઠી માંખણ તાપે ાાડા—મીની તે માયાને માંખણ તે જીવ તેને તાવે તે સંસાર સમુદ્રમાં રોલાવે.

વહુવીઆઈ સાસુ જાઇ—વહુ તે કુમતી વ્યાઇ તે વ્યાપી તેણે ચિંતારૂપી સાસુ ઉપાઇ.

લહુડેહેવરે માતા નીપાઇ—લહુડેહેવરે તે હલવા કરમી તે વારે માતા કહેતાં સુમતિ નીપજાવે. લઘુકર્મીએ સુમતિ માતા ઉત્પન્ન કરી.

સસરો સુતો વહુ હીંડોળે—સસરો તે જીવ સુતો તે પ્રમાદ તિહાં વહુ તે સુમતિ જીવને હીંડોળે છે.

ગાલો ગાલો, ગોવાળી બોલે ॥[illegible]॥—એમ
કહે છે કે [illegible] એટલે [illegible] કરો
[illegible] છે.

[illegible] ઉપર ચઢી [illegible]—[illegible] કેના
[illegible] ઉપરે ચઢી કેના [illegible]
કેના [illegible]

[illegible] પડે [illegible]—[illegible]
[illegible], [illegible] પડે [illegible]
[illegible]
[illegible].

[illegible] પાણી ન [illegible]—[illegible]
[illegible]
[illegible]

[illegible]—[illegible]
[illegible]

[illegible]—[illegible]

તે ચિંતા હુએ તેવારે ભેંસ કહેતાં કાય તે
સુકાય.

ચોર ચોરે ને તલાર બાંધી મુકે—ચોર તે
મન ચોરી કરે, ને પાપ કરે છે તે તલાર
કહેતાં શરીર બંધનાણું પામે છે.

એ હરિઆલી જે નર જાણે—એ હરિઆલી
કોઇ ચતુર હોય તે જાણે.

મુરખ કવિ દેપાલ વખાણે—મુરખ એહનો
અર્થ જાણે દેપાલ નામા કવિ, ઇમ વ-
ખાણે-ઇતિ હરિઆલી સંપૂર્ણમ.

